**સુવિચાર**

માનવીનાં બધા જ ગુણોમાં સાહસ પહેલો ગુણ છે. કારણ કે તે બધા જ ગુણોની જવાબદારી લે છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૫/૦૨/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ મહા વદ-૩ વર્ષ : ૧૬ અંક : ૦૫૫





## શહેરમાં ૫૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ બંધ હોવા છતાં કોઈને કાંઈ પડી નથી

# અમરેલીની ભાજપ શાસિત પાલિકામાં અંધેર વહીવટ

**રખડતા પશુઓ, વિકરાળ બનેલ ટ્રાફિક સમસ્યા, બિસ્માર માર્ગોથી જિલ્લાકક્ષાના શહેરની જનતા તોબા તોબા**

**અમરેલીનાં નાગરિકોને પ્રાથમિક સુવિધા અપાવી શકવામાં નિષ્ફળ નિવડેલ આગેવાનો અન્ય શહેરોમાં પ્રચાર કરતાં હોય આશ્ચર્ય**

**ચલાલા, લાઠી, રાજુલા અને જાફરાબાદનાં શહેરીજનોએ મતદાન કરતાં પહેલા અમરેલીની હાલત નિહાળવી જોઈએ**

**પાલિકા વિસ્તારનાં મતદારોએ રાજકીય આગેવાનોની હથેળીમાં ચાંદ બનાવવાની ગુલબાંગોથી સાવચેત રહેવાની જરૂર**








અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાનાં લાઠી, ચલાલા, રાજુલા અને જાફરાબાદનાં શહેરીજનો છેલ્લા ૧૫ દિવસથી રાજકીય પક્ષોનાં ઉમેદવારો અને તેમના પક્ષનાં આગેવાનોની વિકાસની ગુલબાંગો સાંભળી રહ્યા છે અને શહેરી મતદારોને હથેળીમાં ચાંદ બતાવવામાં આવી રહ્યા છે. જો શહેરી મતદારો રાજકીય આગેવાનોની વચનોની ચુંગાલમાં ફસાઈ જશે તો આગામી પાંચ વર્ષ માટે પસ્તાવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહી.

જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરમાં છેલ્લા ૪ વર્ષથી ભાજપનું શાસન ચાલી રહ્યું છે છતાં રખડતા પશુઓ, જાહેર માર્ગો ઉપરનું દબાણ, વિકરાળ બનતી ટ્રાફિક સમસ્યા, સેંકડોની સંખ્યામાં બંધ સ્ટ્રીટ લાઈટ, પાંચ–પાંચ દિવસે પાણી વિતરણ, બિસ્માર માર્ગો સહિતની અનેક સમસ્યાઓ યથાવત જોવા મળી રહી છે.

જિલ્લાનાં મુખ્ય શહેરમાં વિકાસનાં અપાયેલ વચનો પૂર્ણ ન કરનાર અન્ય શહેરોમાં જાહેર મંચ ઉપરથી વિકાસની ગુલબાંગો ફેંકતા હોય અમરેલીનાં મતદારો આ તમાશો નિહાળીને આશ્ચર્ય અનુભવે છે.

રાજુલા, જાફરાબાદ, લાઠી, ચલાલાનાં મતદારોએ આજે જ અમરેલી શહેરની હાલત નિહાળીને કે જાણીને જ આત્માનો અવાજ સાંભળીને મતદાન કરવું પડશે નહી તો પાંચ વર્ષ સુધી પાલિકામાં ફરિયાદ કરવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહી.

### એડીશ્નલ સેશન્સ કોર્ટમાં કેસ ચાલી જતા

## સાવરકુંલાનાં વાડી વિસ્તારમાં તરૂણી સાથે દુષ્કર્મ કરનાર આરોપીને ૨૦ વર્ષની સજા

**સરકારી એડવોકેટ વિકાસ વડેરાની દલીલો સફળ**



એડવોકેટ વિકાસ વડેરા

અમરેલી, તા. ૧૪

સાવરકુંડલા ગામે વાડી વિસ્તારમાં એક વર્ષ પહેલાં એક તરૂણી તે જ ગામે રહેતા આરોપીએ પોતે ભાગવી રાખેલ વાડીએ કપાસ વીણવાની દાડીએ આવેલ ત્યારે આરોપીની પત્ની વાડીના ઓરડે ચા બનાવવા ગયેલ તે વખતે ભોગબનનારની એકલતાનો લાભ લઈ આરોપીએ ભોગબનનાર સાથે તેની મરજી વિરૂધ્ધ બળજબરીથી બે વખત બળાત્કાર કર્યાની પોલીસ ફરિયાદ જે તે સમયે પોલીસમાં નોંધાયેલ હતી. આ અંગેનો કેસ સાવરકુંડલા ખાતે આવેલ એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨ લાખના દંડની સજાનો હુકમ કરેલ છે. જયારે ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૬ લાખનું વળતર ચુકવવા આદેશ કરેલ છે.


**અનુસંધાન પાના ૬ ઉપર**


### શિક્ષક અભ્યાસ કરાવવા માટે આવતો હતો કે અત્યાચાર કરવા તે સમજાતું નથી

## સાવરકુંડલાનાં વંડા ગામનાં લંપટ શિક્ષકે વધુ એક વિદ્યાર્થી સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કર્યાની ફરિયાદ નોંધાઈ

**શિક્ષકને સરકારે ડીસમીસ કરવો જોઈએ તે અત્યંત જરૂરી**



અમરેલી, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના વંડા ગામે આવેલ એક ખાનગી શાળાના શિક્ષકે પોતાની જ સ્કુલમાં અભ્યાસ કરતાં ૧૩ વર્ષના તરૂણ ઉપર સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કર્યાની ઘટના જાહેર થાય બાદ આ જ સ્કૂલના અન્ય એક વિદ્યાર્થીના પિતાએ પણ આ જ હવસખોર શિક્ષક વિરૂધ્ધ પોતાના જ પુત્ર સાથે પણ સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કર્યાની ફરિયાદ વંડા પોલીસમાં નોંધાવતા અમરેલી જિલ્લામાં ભારે ચકચાર સાથે આ હવસખોર શિક્ષક વિરૂધ્ધ ચોતરફ ફિટકાર વરસી રહયો છે. ત્યારે આવા શિક્ષક સમગ્ર શિક્ષણ જગત માટે કલંકરૂપ હોય તેમને કડકમાં કડક સજા થાય તેવી માંગ ઉઠવા પામેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતા પરિવારનો તરૂણ વયનો દીકરો ભોગ બનનાર જુન–૨૦૨૪થી વંડા મુકામે આવેલ જી.એમ. બીલખીયા સ્કુલની હોસ્ટેલમાં


**અનુસંધાન પાના ૬ ઉપર**


### પિતાએ ઘરે કામ કરવા બાબતે ઠપકો આપતા

## બાબરાનાં ઈંગોરાળા ગામનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૪

બાબરા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા ગોપાલ મનસુખભાઈ સોલંકી નામના ૨૨ વર્ષિય યુવકને તેમના પિતાએ ઘરે કામ કરવા બાબતે ઠપકો આપતા યુવકને લાગી આવતાં ગત તા. ૭ ના રોજ સાંજના આશરે સાતેક વાગ્યાના સમયે ભીલા ગામના ખારામાં જાતે ઝેરી દવા પી જતા યુવકનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.















# દાણા–ભસ્મ આપી લોકોના દુઃખ–દર્દ મટાડવાનો દાવો પોકળ નિકળ્યો

# ૨૨ વર્ષથી ચાલતી ભુઈ–ભુવાની ધતિંગલીલા બંધ : જાથા

**ધનબાઈ માતાજીનું બાનુ પહેરાવી નવી ભુઈ બનાવી ધૂણવાની તાલીમ આપતી હતી**

**માતાજીનો માંડવો, બાળકોના જમણવારના નામે રૂપિયા ખંખેરતા હોવાનું બહાર આવ્યું**

**ભુવો ગોરધનભાઈ મેલીવિદ્યા દૂર કરવા લોઢાની સાંકળનો ઉપયોગ કરતો હતો**

**ભુઈ–ભુવાએ કબુલાતનામું આપી લોકોની માફી માંગી બંધની જાહેરાત કરી**



અમદાવાદ, તા. ૧૪

દ્વારકા બસ સ્ટેશનની સામે, એકતા ગરબી ચોકમાં ઘરમાં માતાજીનું સ્થાનક બનાવી ૨૨ વર્ષથી દોરા–ધાગા, ભસ્મ–દાણા આપવા, ધૂણવાની તાલીમ આપતી ભુઈ ધનબાઈ, ભુવા ગોરધનભાઈ લુનાવીયાની ધતિંગલીલા ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે દ્વારકા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૨ મો સફળ પર્દાફાશ કર્યો હતો. રાજકોટ ભકિતનગર સોસાયટીમાં રહેતા પલાણ પરિવારે ૧૮ લાખ રૂપિયા આપી ભુઈને મંદિર સાથે ઘર રીપેરીંગ કરી દીધાનું બહાર આવ્યું હતું. ભુઈ–ભુવાની પાખંડલીલા બંધ કરાવતા સમગ્ર શહેરે રાજીપો વ્યકત કર્યો હતો.

બનાવની વિગત પ્રમાણે છેલ્લા બે માસથી જાથાના કાર્યાલયે રૂબરૂ અને ટેલીફોનથી દ્વારકાની ભુઈ ધનબાઈ, ભુવા ગોરધનભાઈના ધતિંગ સંબંધી માહિતીમાં ભુઈ નવી ભુઈમા તૈયાર કરવા ૬ પ્રકારના બાના પહેરાવી ધૂણવાની તાલીમ આપે છે. શરીરમાં ધીમે ધીમે ધ્રુજારી લાવવાની શીખવી નવી ભુઈને પોતાના પરિવારમાં આધિપત્ય આપવાનું શીખવે છે. જુવારના દાણા આપી રોગ મટાડવા સાથે જોવાનું કામ કરે છે. ભસ્મ પીવડાવી, નજર લાગવી, મેલીવિદ્યા દૂર કરવાનું કામ કરી શ્રધ્ધાળુની શકિત મુજબ દસ હજારથી દસ લાખનો ખર્ચ કરાવે છે. નવી ભુઈના ઘરે પરિવાર મહેમાનગતિનો લાભ મેળવે છે. શરીરમાંથી મેલીવસ્તુ કાઢવા ભુવો લોઢાની સાંકળનો પ્રયોગ કરે છે. આસ્થાળુઓને પ્રભાવિત કરી માતાજીના નામે મોટી રકમ પડાવે છે. રાજકોટ પલાણ પરિવારે ભુઈના ઘરની સિકલ ફેરવી નાખી સામેથી મંદિરનું સ્થાનક રીપેર કરાવી દીધાની વાત મુકવામાં આવી હતી. બે દાયકાથી માતાજીના સ્થાનકની આડમાં યેનકેન છેતરપિંડી કરે છે. ગરીબથી તવંગર લોકો જોવડાવવા આવે છે. નવી ભુઈને સ્થાપીને તેના ઘરે પુષ્પવર્ષા, પગે લગાડવાનું શીખવે છે. ભુવો ગોરધનભાઈ ઢોલ વગાડી ધૂણવામાં પ્રેરણા આપે છે. નવી ભુઈના સગા–સંબંધીઓ નાચતી વખતે ક્ષોભ સાથે તમાશો નિહાળી કૌતુક સંબંધી તરેહ તરેહની કલ્પના કરી ભાગ લઈ ધન્યતા અનુભવે છે. ધનબાઈની કપટલીલાના આધાર–પુરાવા વિડિયોગ્રાફી રજૂ કરવામાં આવી હતી. દ્વારકા પંથકમાં વધુ લોકો છેતરાય નહિ તે માટે વાત મુકવામાં આવી હતી.

જાથાના ચેરમેન જયંત પંડયાએ ખરાઈ કરવા બે મહિલા સહિત પરિવારે મોકલતા ધનબાઈ ભુઈમાએ સમસ્યાના ઉકેલ માટે બાળકો જમાડવા, માંડવા કરવાના ખર્ચ દસથી વીસ હજાર આપ્યો હતો. ભુવા ગોરધનભાઈએ મેલીવિદ્યા દૂર કરવા લોઢાની સાંકળ ઉપાડી પ્રયોગ શરૂ કરે તે પહેલા ડમી માણસોને વાત ફેરવવી પડી હતી. જાથાના માણસો સાંકળનો માર ખાવામાં માંડ માંડ બચ્યા હતા. પુરાવા મળી જતા પર્દાફાશનું નક્કી થયું હતું.

જાથાના જયંત પંડયાએ મુખ્યમંત્રી સહિત રાજકોટ રેન્જ આઈ.જી.પી. દેવભૂમિ દ્વારકાના એસ.પી. વિગેરેને પત્ર પાઠવી પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી હતી. રાજકોટથી ટીમના સદસ્યો રમેશ પરમાર, રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલ, સ્થાનિક કાર્યકરો દ્વારકા પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતા.

જાથાના જયંત પંડયાએ રાજકોટ રેન્જના આઈ.જી.પી. અશોકકુમાર યાદવને મોબાઈલ ઉપર વાત કરતાં બંદોબસ્ત માટે પો.ઈન્સ. ભટ્ટને જરૂરી સુચના આપવામાં આવી હતી. જેથી પી.એસ.આઈ. એમ. ડી. કલોતરા, હેડ કોન્સ્ટે. રાજદિપસિંહ હરિશચંદ્રસિંહ, પો.કોન્સ્ટે. ઋતુરાજસિંહ હરદેવસિંહ, મહિલા કોન્સ્ટે. ઉર્વિશાબેન મનજીભાઈ, પોલીસ સ્ટાફ જીપ્સી સાથે ફાળવવામાં આવ્યો હતો.

જાથાના જયંત પંડયા, ટીમ અને પોલીસ સ્ટાફ એકતા ગરબી ચોકમાં ભુઈ ધનબાઈના ઘરે પહોંચી ગયા. સવારના ભુઈના ઘરે પાંચ–છ લોકો જોવડાવવા બેઠા હતા. બપોર પછી બે મહિલા જોવડાવતી હતી. તેમણે બે હજાર, ચાર હજાર રકમ મુકી હતી. જોવાનું કામ ચાલુ હતું. જાથાએ પરિચય આપી ભુઈ–ભુવાને જણાવ્યું કે તમારા વીસથી બાવીસ વર્ષથી ચાલતા ધતિંગ બંધ કરાવવા આવ્યા છીએ, દાણા–ભસ્મ પીવડાવું, બિમારને સારવારમાં બાધા નાખવી, માતાજીના બાના પહેરાવી નવી ભુઈમા સ્થાપવી, ધૂણવાનું શીખવવું જેનાથી સમાજનું અહિત થાય છે. અમુક પ્રવૃત્તિ નવા વિધેયક મુજબ ગુન્હાને પાત્ર છે. ભુઈમાના અંગો કામ કરતા બંધ થઈ ગયા હતા, હિંમત આપવી પડી. ગળામાં પાણીનો સોસ પડતો હતો. જાથાએ મદદ કરી હતી. ખરે સમયે માતાજી મદદે આવ્યા ન હતા. બંને ભાંગી પડયા. કાયમી દોરા–ધાગા, દાણા–ભસ્મ આપવું બંધની જાહેરાત કરી દીધી. સ્થળ ઉપર હાથ જોડી પગે લાગવાનું શરૂ કરી દીધું હતું. રહીશોમાંથી એકપણ મદદે આવ્યું ન હતું. જાથાની કામગીરી ગમતી હતી. ભુઈ–ભુવાને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા હતા. બંનેની નિઃસહાય અવસ્થા જોવા મળતી હતી. જાથાએ રૂબરૂમાં પી.એસ.આઈ. કલોતરાને અલગ પત્રથી અટકાયતી પગલાનો પત્ર આપ્યો હતો. ભુઈ–ભુવાએ રાજકોટ પલાણ પરિવારની મદદથી માતાજીનું મંદિર રીપેર કરાવી લીધું. બાનુ પહેરાવેલ મહિલાને ધીમે ધીમે ધ્રુજારી આવે છે, સરખુ ધૂણી શકતી નથી. તલવાર લઈ ઠેકડા મારવાનું માંડ માંડ શીખે છે. અમારા તરફ ખુબ આસ્થા છે. નવી ભુઈને પતિને કેમ પગે લગાડવું તેની તાલીમ આપવામાં આવે છે. ધતિંગના રહસ્યો ખોલી નાખ્યા હતા. બંનેએ સ્વૈચ્છિક બંધ–કબુલાતનામું આપવા સહમતિ દર્શાવી હતી.

કબુલાતનામામાં હું ધનબાઈ, ભુવા ગોરધનભાઈ નારણભાઈ લુનાવીયા, આલબાઈ માતાજી, ગાત્રાળ માતાજીની સેવા–પૂજા કરીએ છીએ. લોકોના દુઃખ–દર્દ, દાણા જોવાનું કામ કરતા હતા. આજથી છેલ્લા ૨૦થી ૨૨ વર્ષથી ઘરમાં માતાજીના સ્થાનકે જોવાની તમામ પ્રવૃત્તિ બંધની જાહેરાત કરીએ છીએ. લોકોની માફી માંગી જોવાનું બંધની જાહેરાત કરીએ છીએ.

જાથાએ દ્વારકામાં ૨૨ વર્ષથી ધતિંગલીલા કાયમી સમાપ્ત કરતાં ગામમાં ખબર પડતાં ઠેર–ઠેર પ્રશંસા કરતા જોવા મળ્યા હતા. ભુઈ–ભુવાની મદદે કોઈ ન આવવું સૂચક હતું. ભુઈનું માતાજીનું મંદિર રાજકોટ પલાણ પરિવારે આકર્ષક બનાવી દીધું હતું. તેની કદરમાં મહેમાનગતિનો લાભ મળ્યો હતો. જાથાએ ૧૨૬૨ મો સફળ પર્દાફાશ કર્યો હતો.

જાથાના ચેરમેન પંડયાએ પોલીસ સ્ટેશનથી રાજકોટ રેન્જના આઈ.જી.પી. અશોકકુમાર યાદવનો વિશેષ આભાર માન્યો હતો. જાથાને દિલથી મદદ કરી હતી.

ભુઈ–ભુવાના પર્દાફાશમાં પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. ભટ્ટ, પી.એસ.આઈ. એન. ડી. કલોતરા, મહિલા પી.એસ.આઈ. ચુડાસમા, પી.એસ.આઈ. જાડેજા, રાઈટર, પી.એસ.ઓ., સ્થળ ઉપર રાજદિપસિંહ હરિશચંદ્રસિંહ, ઋતુરાજસિંહ હરદેવસિંહ, મહિલા કોન્સ્ટે. ઉર્વિશાબેન મનજીભાઈએ મદદ કરી હતી. જાથાની ટીમના અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, રમેશ પરમાર, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલે ઉત્કૃષ્ઠ કામગીરી કરી હતી.

રાજયમાં દોરા–ધાગાના ધતિંગની માહિતી પુરાવા સાથે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

---

**પૂર્વ સાસંદ કાછડીયાનો અનુરોધ**

# પાલિકા અને પંચાયતોની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારોને વિજેતા બનાવો

**ડબલ એન્જિન ધરાવતી સરકારને મજબુત બનાવો**

અમરેલી, તા. ૧૪

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ અમરેલી જિલ્લાની નગરપાલિકાઓ તેમજ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીઓમાં ભાજપના ઉમેદવાર તરફે મતદાન કરી તેઓને જંગી બહુમતીથી જીતાડવા માટે મતદારોને અપીલ સહ અનુરોધ કર્યો છે.



પૂર્વ સાંસદએ જણાવ્યું છે કે, કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા ગરીબ, કિસાન, મહિલાઓ અને છેવાડાના લોકોના ઉત્થાનની સાથે સાથે ગામ અને શહેરનો પણ વિકાસ થાય તે માટે સતત નવી નવી યોજનાઓ અને પરિયોજનાઓ થકી વિકાસ કાર્યો કરવામાં આવી રહ્યો છે ત્યારે આગામી ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમરેલી જિલ્લાની ચલાલા, લાઠી, રાજુલા, જાફરાબાદ નગરપાલિકાઓ અને અમરેલી શહેરનાં વોર્ડ નંબર ૫ અને ૭, સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર ૩, દામનગર શહેરના વોર્ડ નંબર ૨ અને ૩ની પેટા ચૂંટણીઓ તેમજ બાબરા તાલુકાની કરિયાણા તાલુકા પંચાયત અને ધારી તાલુકાની મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયત સીટો ઉપર પેટા ચૂંટણીનું મતદાન થવાનું છે ત્યારે તા. ૧૬ના રોજ વધુને વધુ મતદાન કરી, ભાજપના ઉમેદવારોને બહુમતીથી વિજયી બનાવી ડબલ એન્જીનવાળી સરકારના હાથ વધુ મજબુત કરવા અમરેલીના પૂર્વ સાંસદએ મતદારોને અપીલ સહ અનુરોધ કરેલ છે.

---

**સ્થાનિક પી.આઈ.ને આવેદનપત્ર પાઠવીને ન્યાય અપાવવા માંગ કરી**

# બાબરાના નીલવડા માર્ગ ઉપરનાં રહીશોની ઈંટોના ગેરકાયદેસર ધમતા ભઠ્ઠાઓના કારણે રાતની ઉંઘ વેરાન બની

**રાત્રિથી લઈને વ્હેલી સવાર સુધી હવા અને ધ્વની પ્રદુષણ થાય છે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧૪

બાબરાનાં નીલવડા માર્ગ ઉપર રહેતા રહેવાસીઓએ સ્થાનિક પી.આઈ.ને આવેદનપત્ર પાઠવીને ગેરકાયદેસર ધમધમતા ઈંટોના ભઠ્ઠાના કારણે થતું હવા અને ધ્વનિ પ્રદુષણ અટકાવવા માંગ કરેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમોના રહેઠાણની નજીક પુષ્કળ પ્રમાણમાં ગેરકાયદે ચાલતા ભઠ્ઠા માલિકો દ્વારા બેફામ પણ રાત્રિના સમયેથી વહેલી સવાર સુધી ટેપ વગાડી અને અતિશય પ્રમાણમાં ધ્વનિ પ્રદુષણ કરી માનસિક ત્રાસ આપી રહયા છે. અને અમોના સંતાનોને અભ્યાસમાં વિક્ષેપ થઈ રહયો છે. જયારે આ ઈંટોના ગેરકાયદે ચાલતા ભઠ્ઠા દ્વારા હવા પ્રદુષણ કરી અમોનાં સ્વાસ્થ્યને પણ નુકશાન થાય છે. અને અમો રહીશોને અવાર–નવાર બીમારી ફેલાઈ છે.

જેની આ પ્રવૃતિ તાત્કાલિક ધોરણે અટકાવી જરૂર છે. અને જો આ ગેરકાયદે પ્રવૃતિ અટકવા નહીં આવે તો અમો રહીશોને ભારે નુકશાન જાય તેમ છે. જેની આ પ્રવૃતિ તાત્કાલિક અટકાવવા અંતમાં માંગ કરેલ છે.

---

**જિલ્લા કોંગી પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતની રજૂઆત**

# લ્યો બોલો : ચલાલા પાલિકા અને લાઠી પીજીવીસીએલનાં કર્મચારી ભાજપનાં ઉમેદવારનો પ્રચાર કરી રહ્યા છે

**રાજય ચૂંટણીપંચનાં સચિવને પત્ર પાઠવીને કાયદેસરની કાર્યવાહી કરવા માંગ**

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે રાજય ચૂંટણી પંચનાં સચિવને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલમાં અમરેલી જિલ્લામાં સામાન્ય ચૂંટણી ૨૦૨૫ અંતર્ગત લાઠી નગરપાલિકાની ચૂંટણી થઈ રહી છે. જેમાં પ્રસાર, પ્રચાર ચાલી રહ્યા છે અને ચૂંટણી પંચની આદર્શ આચારસંહિતા પણ જાહેર થયેલ છે. ત્યારે પીજીવીસીએલ લાઠીમાં ફરજ બજાવતાં કર્મચારી જેઓ લાઠી નગરપાલિકાનાં ભારતીય જનતા પક્ષનાં વોર્ડ નંબર–૩નાં ઉમેદવારનાં ભાઈ ધ્વારા આ ચૂંટણીના પ્રસાર અને પ્રચારમાં જોડાઈને ભારતીય જનતા પક્ષનો ખેસ પહેરીને કામગીરી કરી રહ્યા છે. ત્યારે આ કર્મચારી ધ્વારા ચૂંટણી પંચની આચારસંહિતાનું ઉલ્લંઘન કરીને ચૂંટણી પંચની નીતિ–નિયમોનું જાહેર મીટીંગમાં ભારતીય જનતા પાર્ટીનો પ્રસાર, પ્રચાર કરીને ભંગ કરેલ છે.



વધુમાં જણાવેલ છે કે, ચલાલા નગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી ધ્વારા આ ચૂંટણીનાં પ્રસાર અને પ્રચારમાં જોડાઈને ભારતીય જનતા પક્ષનો ખેસ પહેરીને કામગીરી કરી રહ્યા છે. ત્યારે આ મજકુર કર્મચારી ધ્વારા ચૂંટણી પંચની આચારસંહિતાનું ઉલ્લંઘન કરીને ચૂંટણી પંચની નીતિ–નિયમોનું જાહેર મીટીંગમાં ભારતીય જનતા પાર્ટીનો પ્રસાર, પ્રચાર કરીને ભંગ કરેલ છે.

એક જવાબદાર કર્મચારી હોય અને તેમના ધ્વારા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં કોઈપણ પક્ષની કામગીરીથી વિમુકત હોય છે. ત્યારે તેઓ ધ્વારા પક્ષનો ખેસ પહેરતા ચૂંટણી પંચના જાહેરનામા અને આચારસંહિતાનો ભંગ કરવા બદલ ચૂંટણી પંચ ધ્વારા ધારાધોરણસરની કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

---


**વાંકીયા ગામનાં સામાજિક કાર્યકરની માંગ**

# ચણાની ટેકાનાં ભાવે ખરીદી માટે જરૂરી રજીસ્ટ્રેશન શરૂ કરાવો

**રાજયનાં કૃષિ મંત્રીને રજુઆત કરવામાં આવી**

સાવરકુંડલા, તા. ૧૪

ગુજરાત રાજયમા દર વરસે રવિ પાક ચણાની કેન્દ્ર સરકાર દ્વારા નાફેડ અને ગુજકોમાસોલ મારફત ચણાની ખરીદી કરવામાં આવે છે, અને તે માટે જરૂરી ચણા પડાવતા ખેડૂતોનું રજીસ્ટ્રેશન એક મહિના પહેલા દરેક ગામમા તથા તાલુકા મથકે ઓનલાઈન કરવામાં આવતું હોય છે, પરંતુ ચાલુ વરસે આજ દિન સુધી ચણાની ટેકાની ભાવની ખરીદી માટે ખેડૂત રજીસ્ટ્રેશન હજુ ચાલુ કરવામાં આવેલ નથી તો રજીસ્ટ્રેશન ચાલુ કરાવવા રાજયના કૃષિમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી છે કારણ કે ચાલુ વરસે રાજયમા ખેડૂતોએ રવિ પાકમાં ચણાની સાત લાખ હેકટર જમીનમાં વાવેતર



કરેલ છે અને ચાલુ વરસે પિયતની સગવડો હોવાથી ચણાનુ મબલખ પ્રમાણમાં ઉત્પાદન થવાની શકયતાઓ છે ત્યારે ખેડૂતોને ચણાના પોષણક્ષમ ટેકાના ભાવો મળી વરસે તે માટે તેમજ ૨૦ દિવસમાં ખેડૂતોના ચણાનો પાક ઘેર આવી જશે તેવા સમયે સમયસર ચણાના ખરીદીના સેન્ટરો ચાલુ થાય તે અત્યંત જરૂરી છે પરંતુ તે પહેલાં આ માટે જરૂરી ખેડૂતોનું રજીસ્ટ્રેશન તાત્કાલિક ચાલુ કરવા વિશેષમા એક ખેડૂત ખાતેદારની ચણાના માલના જથ્થાની મર્યાદા પણ વધારવી જરૂરી છે. આ સંદર્ભ વાંકિયાના સામાજિક કાર્યકર ભાનુભાઈ કોઠિયા દ્વારા કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને યોગ્ય કરવા રજૂઆત કરી હતી.

## ભાજપ સરકારનાં પૂર્વ મંત્રી અને વર્તમાનમાં કોંગ્રેસનાં નેતા જયનારાયણ વ્યાસ કહે છે

# દેશનો મધ્યમવર્ગ ખર્ચ કરી રહ્યો નથી કારણ કે તેમની પાસે આવક જ નથી

### આવકવેરાની મર્યાદા ૧૨ લાખ કરવાનો ફાયદો મુઠ્ઠીભર નાગરિકોને જ થવાનો છે

અમદાવાદ, તા. ૧૪

કેન્દ્ર સરકાર સત્તા બચાવવાની મથામણમાં દેશના વિકાસ, વિત્તીય વ્યવસ્થાપન અને વિદેશ નીતિની દિશા ખોઈ બેઠી છે. તેવામાં ગુજરાત અને દેશની આર્થિક વ્યવસ્થા પર થનાર અસર અંગે ચિંતા વ્યકત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ નેતા અને પૂર્વમંત્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું હતું કે, ગરીબ, યુવાન, ખેતી અને ખેડૂત ગ્રામ વિકાસ જેવા શબ્દો મોદી સરકારના શબ્દકોષમાંથી ખોવાયા છે. બજેટના ઉદ્દેશમાં 'રાઈઝીંગ મીડલ ક્લાસ' લખ્યું છે, પણ હકીકતમાં તો મધ્યમવર્ગ સંકોચાઈ રહ્યો છે. એના હાથમાં ખરીદી માટે વધુ નાણા મૂકશો એ વાત તર્કસંગત છે ખરી ? ભારતના મધ્યમવર્ગની ખર્ચ કરવાની શકિત વધારવી સાથે સીધી રીતે સુસંગત હોય એના કરતાં ફિલોસોફિકલ હોય તેવી વાતો વધુ કરવામાં આવી છે. ફુગાવો વધે તેમ જીએસટીમાં રાહત મળવી જોઈએ, એના બદલે ભાવ વધે તેમ જીએસટીનો બોજ પણ વધે. સરકાર મોંઘવારી કાબૂમાં રાખી શકે નહીં તો એનો બોજ ખાસ કરીને ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગ જે ભેગા થઈને ૯૭ ટકા જીએસટી ભરે છે એના ઉપર શા માટે નાખવાની?

માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને પુનઃ જીવિત કરવાની વાત કરવામાં આવી છે, પણ મૂળ પ્રશ્ન લઘુઉદ્યોગની વ્યાખ્યા બદલી ૧૦૦ કરોડનો ટર્નઓવર કરવામાં આવી. કયો લઘુઉદ્યોગ ૧૦૦ કરોડના ટર્નઓવર વાળો હોઈ? એ સવાલ છે. અગાઉની જેમ એને મશીનરીમાં રોકાણ સાથે જોડવું પડશે અને લઘુઉદ્યોગ જે ઉત્પાદનો બનાવી શકે તેને ખાસ પ્રોત્સાહનો આપવા પડશે. કૃષિ સમૃદ્ધ બને, ખેડૂતને માટે એ પોષણક્ષમ બને, મૂડીપ્રચૂર નહીં પણ શ્રમપ્રચૂર ઉદ્યોગોને પ્રોત્સાહન મળે જેથી રોજગારી ઊભી થાય અને જે થકી વળી પાછો મધ્યમવર્ગ વિકસિત બને, એવા

### કેન્દ્રીય બજેટમાં ગરીબો અને મધ્યમ વર્ગીય પરિવારોને કોઈ આર્થિક રાહત અપાઈ નથી

કોઈ ઉદ્દેશો સાથે બજેટ સુસંગત નથી. દેશમાં ૧૩૦ કરોડની વસ્તીમાં કુલ આવકવેરાના રીટર્ન ભરાયા તેમાંથી ૫.૫૮ કરોડ એટલે કે, ૬૬.૫ ટકા શૂન્ય ટેક્ષ જવાબદારી સાથેના હતા એટલે કે આમેય જે રીટર્ન ભરે છે, એમાંથી ૩ ૫ટકા કરતા વધારેને ટેક્ષ ભરવાનો થતો નથી તો આ બાર લાખની આવક સુધી ઈન્કમટેક્ષમાંથી મુકિત આપવાની રોમાંચક કલ્પના નાણામંત્રીએ કરી છે તે કોના લાભાર્થે છે ? શું એના થકી મધ્યમવર્ગના હાથમાં વધારે આવક મૂકી શકાશે ખરી? આમ, સામાન્ય માણસના હાથમાં ઈન્કમટેક્ષના લાભ જશે એવી એક છેતરામણી જાહેરખબર આ બજેટ કરે છે, એમાં કેટલું તથ્ય છે?

મનરેગામાં ઘટાડેલ/સ્થગિત ફાળવણી-ગ્રામ્ય રોજગારી અને ગ્રામ્ય ગરીબોને નુકસાન-સરેરાશ વાર્ષિક ૧૦૦ દિવસ રોજગારી આપવાની ખાતરી સામે અરધી રોજગારી જ અપાય છે. મનરેગા દુનિયાની મોટામાં મોટી રોજગારીની ખાતરી આપતી યોજના છે અને ગ્રામ્ય બેરોજગારી સામે એક અસરકારક હથિયાર છે. ૨૦૨૨ના નાણાકીય વર્ષમાં એ માટેની જોગવાઈ ૧ લાખ ૧૦ હજાર કરોડથી ઉપર હતી જે ૨૦૨૪-૨૫ના સુધારેલા અંદાજ પ્રમાણે ૮૬ હજાર કરોડ થઈ ગઈ. આને કારણે ઘણા કામદારોને નાણા ચુકવણી ઘાંચમાં મુકાઈ. મોદી સરકારનો અભિગમ ગ્રામ્ય બેરોજગારીને નજરઅંદાજ કરવાનો રહ્યો છે. લોકસભાની સ્ટેન્ડિંગ કમિટીએ તૈયાર કરેલ અહેવાલ 'રૂરલ એમ્પ્લોયમેન્ટ થ્રુ મનરેગા'માં અવલોકન કરવામાં આવ્યું છે કે ૨૦૨૩-૨૪ દરમિયાન મૂકવામાં આવેલ બજેટ કાપ તર્કહીન છે. આ યોજના હેઠળ વર્ષે સરેરાશ ૧૦૦ દિવસની રોજગારી આપવાની બાંહેધરી આપવામાં આવી છે તેના બદલે સરકાર ભાગ્યે જ અડધે પહોંચે છે. આમ ગ્રામ્ય રોજગારી અને તેને કારણે ગ્રામ્ય ગરીબી સામે સરકાર બેદરકાર રહી છે. કોઈ પણ ઝડપથી વિકસતી જતી અર્થવ્યવસ્થા જરૂરી આંતરમાળખાકીય સવલતો જેવી કે, રેલવે, માર્ગપરિવહન, હવાઈ સેવાઓ વગેરેનો પૂરતો ટેકો અને સાથ માગે છે. આમાં પણ માર્ગ અને રેલવે બે સેવાઓ એવી છે કે જે દેશની વિશાળ જનસંખ્યાની સેવા કરે છે. ૨૦૨૪-૨૫ના બજેટના સંશોધિત અનુમાન મુજબ રેલવે માટે ૨,૧૨,૭૮૬ કરોડનું અનુમાન છે તે સામે આવનાર વર્ષ ૨૦૨૫-૨૬માં ૨,૧૩,૫૫૨ કરોડ એટલે કે ૭૬૬ કરોડની નગણ્ય વૃદ્ધિ કરવામાં આવી છે. માત્ર ૪ ટકાનો ફુગાવાનો દર ગણીએ તો પણ ફુગાવો અથવા મોંઘવારીને સરભર કરવા માટે ૮૫૦૭ કરોડ જોઈએ. આમ, રેલવેને સરાસર અન્યાય થયો છે અથવા સરકાર રેલવે પણ કોઈને પધરાવી દેવા માગે છે, તેવી શંકા જાય છે.

આપણી અર્થવ્યવસ્થામાં મંદી પ્રવેશી છે. તેની અસરો હવે દેખાવા માંડી છે. પરિણામે સરકારી યોજનાઓ બનાવવાની અને નવી યોજનાઓ લાગુ કરવાની સરકારી ક્ષમતા ઉપર મર્યાદા આવી ગઈ છે અને એનો ભોગ સામાજિક સેવાઓને પણ બનવું પડયું છે.

આ બજેટની વાત કરીએ તો ૨૦૨૫-૨૬ માટે મૂડીગત ખર્ચમાં ૧,૦૨,૬૬૧ કરોડની વૃદ્ધિ કરવામાં આવી છે. આમ છતાંય ૨૦૨૪-૨૫માં ૯૨,૨૮૬ કરોડની ખોટ રહી હતી તે જોતાં આ વખતના બજેટની જોગવાઈ પણ વિસ મૂકવાનું શકય નથી. ૨૦૨૪-૨૫નું રિવાઈઝ અનુમાન અને ૨૦૨૫-૨૬ની બજેટ જોગવાઈઓને જોઈએ તો સરકારે જાણે કે લોકકલ્યાણની પોતાની

### મનરેગા યોજનામાં ૧૦૦ દિવસને બદલે માત્ર ૫૦ દિવસની જ રોજગારી અપાઈ રહી છે

યોજનાઓ જે ખરેખર આમઆદમી માટે લાભદાયક બની શકે તેના પરનો વિસ ખોઈ નાખ્યો છે. આનાં કેટલાક ઉદાહરણો : પોષણ યોજના, જલ જીવન મિશન, રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ (એનએસએપી), પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના, ફસલ બીમા યોજના, યૂરિયા સબસિડી, પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના.

કહેવાતા નવા રોજગાર સર્જન માટેના કાર્યક્રમો તેમજ સ્કીલ ઈન્ડિયા જેવી યોજનાઓ પર આ સરકારે મોટા મોટા વાયદાઓ કર્યા હતા અને ૨૦૨૪-૨૫ના બજેટમાં ૨૬,૦૧૮ કરોડ તે સામે ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં ૧૫,૨૮૬ કરોડ એટલે કે ૧૦,૭૩૨ જેટલો ઘટાડો ખર્ચમાં થયો છે. મંદીના આ સમયગાળામાં નાણાખાધ ૦.૧ ટકો ઘટાડીને અર્થવ્યવસ્થાને ગૂંગળાવવા કરતાં ૬ ટકા અથવા તેથી પણ વધારે નાણાખાધ રાખીને બજારમાં મૂડીની તરલતા રહે અને વિકાસની સાથે રોજગારીનું પણ સર્જન થાય એમ કરવાની જરૂર હતી.

આવકવેરોની પાત્ર ૬.૮% વસતી જ ભરે છે. મધ્યમ વર્ગ સંકોચાઇ રહ્યો છે.

બજેટ મધ્યમવર્ગની બધી સમસ્યાઓનો ઉકેલ છે એવું નાણામંત્રીએ કહ્યું. હવે જયાં કુલ ૬.૮ ટકા વસતી આવકવેરો ભરી શકે એ ઝોનમાં આવતી હોય તો એ તો ઉચ્ચ મધ્યમવર્ગ અને ધન્નાશેઠો જ હોય છે. મધ્યમવર્ગને રાહત કઈ રીતે મળે? ગરીબો માટે તો સબસિડી કે અન્ય રાહત થાય તેવાં પગલાં લેવા જોઈએ, જેમાંનું કંઈ સરકારે કર્યું નથી. મધ્યમવર્ગની બચત અને ખરીદી તેમજ વપરાશ કઈ રીતે વધશે ? તે અધ્યાહાર છે. આ દેશમાં મધ્યમવર્ગ સંકોચાઈ રહ્યો છે. એ ઉપર નથી જઈ રહ્યો પણ પેલા પાંચ કિલો મફત અનાજ મેળવનારા ૮૦ કરોડ ગરીબીમાં જીવતા લોકોમાં જોડાઈ રહ્યા છે અને એને કારણે દુનિયાની આ સૌથી મોટી મુકત બજારમાં ઘરાકી ઘટી રહી છે. એફએમસીજીથી માંડી મધ્યમવર્ગ ખરીદે તે રેન્જના વાહનોના વેચાણના આંકડા ઘટી રહ્યા છે, જે બતાવે છે કે મધ્યમવર્ગ ખર્ચ નથી કરી રહ્યો કારણ કે તેની પાસે એના માટેની આવક જ નથી. આ વર્ગ સંકોચાઈ રહ્યો છે. એની માથાદીઠ ખર્ચ કરવાપાત્ર આવક ઘટી રહી છે, પરિણામે જીડીપીનો વિકાસદર ઘટી રહ્યો છે.

ભારત વિનો સૌથી યુવાન દેશોમાંનો એક છે. અહીંયા ૧૫થી ૫૫ વર્ષ વચ્ચેના વયજૂથમાં ૭૦ ટકા વસતી છે. આ વસતીને જો કામ અને યોગ્ય આવકના સાધનો સાથેનું જીવનધોરણ આપવું હોય તો પ્રથમ આરોગ્યને લાગેવળગે છે ત્યાં સુધી આ બજેટમાં પણ માત્ર ૩ ટકા જેટલી રકમ ફાળવવામાં આવી છે. આજે જાતજાતની યોજનાઓ છતાં પણ કોઈ માણસ બીમાર પડે તો માંદગીમાં દવાઓ તેમજ અન્ય ખર્ચના ૬૦ ટકા એણે પોતાના ગજવામાંથી ભોગવવા પડે છે. કેન્દ્ર અને રાજય સરકારોનો આરોગ્યલક્ષી આંતર માળખાકીય સવલતો ઊભી કરવામાં અપૂરતા યોગદાનને કારણે ચીરી નાખે તેવા પૈસા વસૂલ કરતી ખાનગી હોસ્પિટલો ફૂલીફાલી રહી છે.

અર્થવ્યવસ્થાની વિકાસનો દર ધીમો પડી રહ્યો છે. જો સરકાર આજ રીતે ચાલશે તો ૨૦૨૫-૨૬માં બજટમાં ગમે તે રંગોળીઓ પૂરવામાં આવી હોય જીડીપીનો વિકાસદર ૬થી સાડા ૬ ટકા વટાવશે નહીં. જો ભારતને ૨૦૨૭માં તેના રીવાઈઝડ ટાર્ગેટ મુજબ પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવી હોય અને ૨૦૪૭ સુધીમાં વિની પ્રથમ ત્રણ અર્થવ્યવસ્થાઓમાં લઈ જવી હોય તો સરેરાશ ૮ ટકાનો સ્થિર જીડીપી વૃદ્ધિદર જોઈએ. આવું નહીં થાય તો ભારત બેરોજગારીથી માંડી મંદી તેમજ કૃષિ ક્ષેત્રે અનેક તકલીફોમાં ફસાશે.

તેલીની ખાદ્યને પહોંચી વળવા ૮૦ હજાર કરોડનું ખાદ્યતેલ આપણે આયાત કરવું પડે છે. આ આયાત કઈ રીતે ઘટાડીશું તેમજ ટ્રમ્પ શાસનમાં

### કેન્દ્રીય બજેટ દિશાવિહીન, દ્રષ્ટિ વિહિન, ગરીબને ગરીબ અને અમીરને અમીર બનાવનારૂ

અમેરિકાની ટેરિફ અને ટ્રેડવારની જે નીતિ છે, તેના સામે આપણી વ્યૂહરચના શું હશે તે અંગેનો એક હરફ પણ નાણામંત્રીએ પ્રોજેકટમાં ઉચ્ચાર્યો નથી. ઉલટાનો આ વખતના બજેટમાં નિર્મળા સીતારામનના કોઈ પણ બજેટ કરતા વધુ આઈટમો ઉપર ડયૂટી ઘટાડવાની જાહેરાત છે વધતું જતું આંતરિક અને વિદેશી દેવું જે ગયા વરસની સામે આગામી વર્ષે સવા આઠ ટકા વધશે તે ચિંતાનો વિષય છે. બજેટ ડોકયુમેન્ટમાં આપવામાં આવેલી વિગતો મુજબ ૨૦૨૪-૨૫માં આંતરિક દેવું ૧૭૫.૫૬ લાખ કરોડ અને બાહ્ય દેવું ૬ લાખ ૧૮ હજાર કરોડ જેટલું હતું તે વધીને વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આંતરિક દેવું ૧૯૦.૧૪ લાખ કરોડ અને બાહ્ય દેવું ૬.૬૪ લાખ કરોડ મળી કુલ ૧૯૬.૮૦ લાખ કરોડ થયું. જેમાં ૮.૨૫ ટકાનો વધારો થયો છે.

ટૂંકમાં આ બજેટ દિશાવિહીન, દષ્ટિવિહીન અને ધનીકોને વધુ ધનવાન, ગરીબોને વધુ ગરીબ બનાવે એવું અણઘડ બજેટ છે. મનરેગાથી માંડી યુવા રોજગારી અને કરવેરાથી માંડી સર્વસમાવેશક વિકાસનો અવરોધક આ બજેટ દેશના દેવામાં વધારો કરશે અને અર્થવ્યવસ્થાના વિકાસનો દર ઘટાડશે.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, દેશમાં મોંઘવારી ઘટાડવા માટેના કોઈ નક્કર આયોજન નથી. ભાજપનું થાલીનોમિકસ ફેઈલ થઈ ગયું છે. દેશની અર્થવ્યવસ્થા ૨૦૪૭માં જો પાંચ ટ્રિલિયન ડોલરની થવાની હોય તો આપણો જીડીપી વૃદ્ધિદર સતત ૮ ટકા કે તેથી વધુ રહેવો જોઈએ. આ માટે વધુ લોકોના હાથમાં વધુ પૈસા મૂકાય અને તેમની ખરીદી વધે તે જરૂરી છે. જીએસટી કાયદાઓનું સરળીકરણ અને માનવીય અભિગમ બંને જરૂરી છે. પરતું જીએસટીના અણઘડ અમલીકરણ, ગુંચવાડુભર્યું ટેક્ષ માળખાને કારણે વેપારી વર્ગ ત્રસ્ત બન્યો છે. હાલની કેન્દ્રીય સરકાર આ કાયદાઓનો રાજકીય ઉપયોગ વધારે કરે છે અને ચૂંટણી ટાણે સરકારના આ બધા નિયમન તંત્રો અમુક ચોક્કસ નિર્ધારિત ઉદ્દેશો સાથે તૂટી પડે છે શિક્ષણ, આરોગ્ય શ્રેત્રે ગુણવત્તા સુધારણા યુદ્ધના ધોરણે હાથ ધરવી જરૂરી છે. સરકારે નવી શિક્ષણનીતિ તો જાહેર કરી છે, પણ શિક્ષણની ગુણવત્તા સતત કથળતી રહી. ગરીબને ઠેંગો અને મળતિયા ઉદ્યોગપતિઓ માટે રેડ કાર્પેટ વાળું બજેટ સામાન્ય નાગરિકોને અન્યાય કરતા છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રસ સમિતિના પ્રવકતા હિરેન બેન્કર, પ્રદેશ મહામંત્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

## પોલીસ અક્ષિકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# અમરેલી સહિતનાં 3 જિલ્લામાં ચોરી કરનાર ગેન્ગનાં 3 સભ્યો ઝડપાયા

### રૂપિયા ૪.૬૬ લાખનો મુદ્દામાલ કબ્જે થયો

અમરેલી, તા. ૧૪

સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ, બોટાદ તથા દીવ સહિતના જિલ્લાઓમાં ચોરી કરતી અને ૨૯ ગુનાઓમાં સંડોવાયેલ ગેંગના ભાવનગર પંથક ત્રણ સભ્યોને રોકડ રકમ, સોના સહિત રૂપિયા ૪,૬૬,૭૨૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ૧૬ ચોરીઓનો ભેદ અમરેલી એલ.સી.બી. ટીમ ઉકેલી નાંખ્યો હતો.



આ બનાવમાં જિલ્લામાં ચોરી તથા છેતરપીંડીના બનાવમાં વધારો થતાં અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓના ભેદ ઉકેલવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદશન આપવામાં આવેલ હોય. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા વણશોધાયેલ બનાવોની સ્થળ તપાસ કરી તેમજ માણસા ગામે બનેલ ચોરીના બનાવમાં એફ.એસ.એલ.ના એચ.એ. વ્યાસની મદદ લઈ મિલકત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલ.સી.બી. ટીમ ધ્વારા ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ ભાવનગર જિલ્લાના પાલીતાણા ગામે રહેતા રણજીત ઉર્ફે રાજેશ ઉર્ફે બોડીયો રામજીભાઈ પરમાર, વલ્લભીપુર તાલુકાના નવાણીયા ગામે રહેતા ભરત ઉર્ફે પથુ મનુભાઈ વાઘેલા તથા શિહોર ગામે રહેતા વરજાંગ નાનુભાઈ પરમાર ત્રણ શકમદ ઈસમોને પકડી પાડી, તેની અંગે સઘન પુછપરછ કરતા અમરેલી જિલ્લા તથા ગીર સોમનાથ, બોટાદ તથા દીવ જિલ્લા સહિતની અલગ અલગ સાગરીતો સાથે કુલ ૧૬ ઘરફોડ ચોરીઓ કરેલ હોવાની કબુલાત આપતા પકડાયેલ ત્રણેય આરોપી પાસેથી ચોરીના ઉપયોગમાં લીધેલ વાહન, સાધનો તથા રોકડ રકમ રૂપિયા ૨૭,૫૦૦ તથા એક સોનાનો ઢાળીયો વજન ૪૫.૯૫ ગ્રામ કિંમત રૂપિયા ૩,૧૪, ૧૬૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ - ૩ કિંમત રૂપિયા ૭૫,૦૦૦ તથા પ્લાસ્ટીકના હાથાવાળુ ડીસમીસ રૂા. ૧૦ તથા એક લોખંડનું વાંદરીપાનુ રૂા. ૫૦ તથા એક મોટર સાયકલ નં. જી.જે.-૦૪ ઈ.એમ.-૧૬૩૦ કિંમત રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૪,૬૬,૭૨૦નો મુદ્દામાલ કબ્જે લીધેલ હતો. મળી આવેલ રોકડ રકમ તેમજ ચોરીના દાગીનામાંથી બનાવેલ સોનાનો ઢાળીયો સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક મોકૂફ

અમરેલી, તા.૧૪

નગરપાલિકા અને તાલુકા પંચાયત ચૂંટણી-૨૦૨૫ના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલી છે. આથી, જિલ્લા સેવા સદન ખાતે તા.૧૫ ફેબ્રુઆરી,૨૦૨૫ શનિવારના રોજ યોજાનાર અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક મોકૂફ રાખવામાં આવી છે, તેમ અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ સભ્ય સચિવ અને જિલ્લા પુરવઠા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪














# પ્રચંડ મનોબળથી જ સફળતા મળે

વિવેકનો આશ્રય
સચિત્ર બાળવાર્તાઓ
પ્રકાશક : યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

વિરાનગરના રાજા સુકીર્તિની પાસે લોહશૃંગ નામનો એક હાથી હતો. રાજાએ અનેક યુદ્ધોમાં તેની ઉપર બેસીને જ વિજય મેળવ્યો હતો. બચપણથી જ લોહશૃંગને યુદ્ધની તાલીમ આપવામાં આવી હતી. એના લીધે તે યુદ્ધકળામાં કુશળ થઈ ગયો હતો.પરંતુ લોહશૃંગ હવે ઘરડો થવા આવ્યો હતો. તેની ચામડી લટકી ગઈ હતી અને યુવાવસ્થા જેવું પરાક્રમતે હવે કરી શકતો નહોતો. હવે તે હાથીખાનાની શોભા બની ગયો હતો. હવે તેની કોઈ ઉપયોગિતા નહોતી, આથી તેને ખાસ મહત્વ મળતું નહિ તથા કોઈ તેના તરફ ધ્યાન પણ આપતું નહોતું.એક દિવસ તેને ખૂબ તરસ લાગી હતી. કેટલાય દિવસોથી તેને કોઈએ પાણી પાયું નહોતું. આથી લોહશૃંગ હાથી શાળામાંથી બહાર નીકળ ીને તળાવ તરફ ચાલવા લાગ્યો. અગાઉ કયારેય તેને ત્યાં લઈ જવામાં આવતો હતો. તેને પેટ ભરીને પાણી પીધું અને પછી ઊંડા જળમાં સ્નાન કરવા માટે આગળ વધ્યો. તે તળાવમાં નીચે કાદવ ખૂબ હતો. દુર્ભાગ્યે વૃદ્ધ હાથી તેમાં ફસાઈ ગયો. તે બહાર નીકળવા જેટલો પ્રયત્ન કરતો એટલો જ તે કાદવમાં વધારે ફસાતો ગયો અને છેવટે ગરદન સુધી કાદવમાં ઊતરી ગયો.આ સમાચાર રાજા સુકીર્તિને મળ્યા, તો તે જાણીને તેઓ ખુબ દુખી થઈ ગયા. હાથીને કાઢવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ બધા નિષ્ફળ ગયા. છેલ્લે એક ચતુર સૈનિકે યુકિત બતાવી. તેના અનુસાર બધા લોકોને પાછા બોલાવવામા આવ્યા અને તેમને યુદ્ધના સૈનિકોનો ગણવેશ પહેરાવવામાં આવ્યો. યુદ્ધનાં વાજિંત્રો મંગાવ્યા.હાથીને સામે યુદ્ધનાં નગારાં તથા રણશિંગાં વાગવા લાગ્યાં અને સૈનિકો શત્રુપક્ષ તરફથી જાણે લોહશૃંગ તરફ આગળ વધી રહ્યા હોય એમ કૂચ કરવા માંડયા. આ દશય જોઈને લોહશૃંગમાં યુવાની જેવું જોશ આવી ગયું. તેણે મોટેથી ચીસ પાડી તથા શત્રુઓના સૈનિકો પર આક્રમણ કરવા માટે સંપુર્ણ શકિતથી ધસી ગયો. એમ કરતાં તે પાણીની બહાર નીકળી ગયો અને શત્રુઓના સૈનિકો તરફ દોડયો. મહામુશ્કેલીએ તેને કાબૂમાં લઈ શકાયો.



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



### શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. વ્યસન અને ફેશનમાં જેના પૈસાનો દુરૂપયોગ થાય છે એ ભકિતમાર્ગે આગળ વધી શકતો નથી.
૨. ઉત્સવના દિવસે શકિતનો, મનનો, વાણીનો સદુપયોગ કરો. ભગવાનનું ખૂબ સ્મરણ થવું જોઈએ. ગરીબને અન્નદાન કરો. સાધુમહારાજને ભોજન કરાવો.
૩. જે ઈશ્વરનો દીકરો છે તેને ગરીબ કહો તો ખોટું નહીં લાગે ? નમ્ર થઈને, દીન થઈને, આંખો નીચી કરીને દાન આપો.
૪. લેવાની ઈચ્છા હોય ત્યાં મોહ છે. આપવાની ઈચ્છા હોય ત્યાં પ્રેમ છે.
૫. લક્ષ્મીજી તો ત્યારે છોડીને જાય છે, જયારે લક્ષ્મીજીનો મનુષ્ય દુરૂપયોગ કરે છે.
૬. જીવનમાં એક સમય એવો છે, કે જયારે તમારૂ ભાગ્ય અનુકૂળ હોય છે ત્યારે ખૂબ વાપરજો. પ્રેમથી ખૂબ દાન કરજો. ભાગ્ય પ્રતિકૂળ થશે ત્યારે સંપત્તિને સાચવવાનો પ્રયત્ન કરશો તો પણ કંઈ રહેશે નહીં.
૭. ગરીબનું બ્રાહ્મણનું સન્માન થાય છે ત્યારે પરમાત્માને આનંદ થાય છે. જેને ધન આપે છે. તેના પાસે આશા રાખે કે મારા બીજા બાળકોનું તો પોષણ કરે.
૮. પતિપત્નીનો સંબંધ વિલાસ માટે નથી, પ્રભુભજન કરવા માટે છે. ગાડું અવળા માર્ગે જાય એટલે ભગવાન તમારૂ સંસારગાડું ઉથલાવે છે.
૯. તમારા જીવનમાં શ્રીકૃષ્ણ ગૌણ બને અને કામ સુખ પ્રધાન બને, એટલે અવળે માર્ગે તમારૂ ગાડું જાય છે એમ સમજજો. તો ભગવાન તમારા સંસારરૂપી ગાડાને ઠોકર મારશો.
૧૦. બાર માળા થાય ત્યાં સુધી ઠાકોરજીના સન્મુખ થાળ રાખવો. લાલજીને માનવવા પડે છે.

# ગામ આખું ગાયબ

સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

વળી અંતઃકાળ સમયે આપણું આખું જીવન આંખો સામેથી પસાર થઈ જાય એવી એક માન્યતા છે. મનેએવું કશું નહોતું થતું. જો કે આનું કારણ એ પણ હોય કે મારા અઢારેક વર્ષના જીવનકાળ દરમ્યાન કશું વિશિષ્ટ બનેલું નહિ. એકાએક મારા પગ જમીનને અડક્યા. માઢં ઉતરાણ બંધ થઈ ગયું. કુદરતના પ્રચલિત નિયમોને નેવે મૂકી હું કઈ રીતે હજુ સુધી જીવંત અવસ્થામાં હતો તે મને સમજાતું નહોતું. જે કંઈ બની રહેલું એ મારી અક્કલની બહારનું હતું. મને લાગ્યું કેતર્કવિતર્કમાં વખત ગુમાવવાને બદલે મારે બનતી ત્વરાએ પરિસ્થિતિમાંથી છુટકારો મેળવાનો પુરૂષાર્થ આદરવો જોઈએ. ભલે મને તરતાં ન આવડે, પગ વડે ધક્કો મારી અને હાથ વીંઝી ઉપરની દિશામાં પ્રગતિ તો હું કરી શકું તેમ હતું, અને ધાર્યા કરતાં આ કાર્ય સહેલું પુરવાર થયું. જળસપાટી ઉપર ડોકું કાઢ્યા બાદ મારી ાસ લેવાની પ્રક્રિયામાં કશો ફેરફાર ન થયો તેથી મેં રાહતનો દમ લીધો. પણ આ લાગણી ઝાઝું ટકી નહિ. મારી નજરે પડેલું દશ્ય જોતાં હું સ્તબ્ધ બની ગયો. ચારે તરફ જળબંબાકાર ફેલાયેલો હતો. પાણીની અંદર મેં કેટલો સમય ગાળેલો તેનો ક્યાસ કાઢવો મુશ્કેલ હતો, પરંતુ તે દરમ્યાન પચાસેક ખોરડાવાળું મહાનદ ગામ આખુંને આખું ગાયબ થઈ ગયેલ જણાયું. મહાનદ ગામ ભલે ખાસ મોટું ન હોય, સૈકાઓ પુરાણું જરૂર હતું. જયારે લોકો વસવાટ માટે નદીતટ પસંદ કરતાં ત્યારે એક મોટી નદી વહેતી. ગામનું નામ પણ તે પરથી જ પડેલું. જો કે કાળે કરી આ નદી બિલકુલ સુકાઈ ગયેલી. તેમાંય છેલ્લા બે ચોમાસા ખાલી જવાથી નદીનો વિશાળ પટ કોરો પાકોર બની ચૂકેલો. અને એટલે જ જાણે હિસાબ સરભર કરવો હોય તેમ જયારે આખું વ્યોમસર અહીં ઠલવાયું ત્યારે જ પ્રચંડ ભૂમિ-સ્ખલન થતાં મહાનદ નદીને આળ સ મરડીને સજીવન થવાનું સૂઝ્યું. અમારો આશ્રમ ગામને સામે કાંઠે ઉપરવાસમાં આવેલો. મેં એ દિશામાં પ્રયાણ કર્યું, પણ સારૂ એવું અંતર કાપ્યા છતાં મને તેની ભાળ મળી નહિ. આશ્રમમાં ગુરૂજી ઉપરાંત બીજા વીસ છાત્રો રહેતા, તેમાંનો એક માત્ર હું બચી જવા પામેલો એવું મને લાગ્યું. ગુરૂજીના ભકતોમાં અનેક ગણમાન્ય અને ધનવાન વ્યકિતઓ હતી. ટ્રસ્ટ વડે સંચાલિત આશ્રમ અને શાળાની વિશાળ જમીનમાં એક ઉદ્યાન પણ હતું, જેમાં પાતાળ કૂવો નામે ઓળખાતી એક પુરાતન વાવ હતી. હું દસેક વર્ષનો હોઈશ ત્યારે ગુરૂજી એક વાર મને આ વાવ પર લઈ આવેલા. છેક છેલ્લા પગથિયા સુધી ઉતર્યા બાદ તેમણે મને કહેલું: "જો ભાઈ હવે તું સમજણો થયેલ ગણાય માટે તને કહું છું. તું મને અહીંથી જડેલો, અને તેથી જ મેં તારૂ નામ સુજલ પાડેલું."

# શનિ કે રવિ ?

મારા ગાંધીબાપુ
ઉમાશંકર જોશી
સંપા. મહેન્દ્ર મેઘાણી

ફુલચંદભાઈ ગાંધીજીના આશ્રમમાં રહે. એક દિવસ એમને બહારગામ જવાનું હતું એટલે ગાંધીજીને મળવા ગયા. ગાંધીજીએ પૂછયું, પાછા કયારે આવશો ?''ફુલચંદભાઈ : ''શનિવારે, અને કદાચ શનિવારે ન અવાય તો રવિવારે તો ચોકકસ.''બાપુ કહે : ''એમ ન ચાલે. વાયદો ચોકકસ હોય. શનિવારે તો શનિવારે જ અને રવિવારે તો રવિવારે.'' ફુલચંદભાઈ : ''તો તો શનિવારે બપોરે ચોકકસ આવી જઈશ.''આટલી ચોકસાઈ કરાવ્યા પછી બાપુએ એમની વાતને આગળ પોતાના મનની વાત મૂકી. વાયદો કર્યો એટલે એ પાળવાની પૂરી તકેદારી રાખવી જોઈએ. શનિવારે બપોરે બાર વાગ્યે ફૂલચંદ આશ્રમમાં હાજર હોય, કાં તો એ બીમાર છે એવો પત્ર હોય, અથવા તો ફૂલચંદ મરણ પામ્યો હોય. આ ત્રણ સિવાય ચોથી વાત સંભવે નહિ !

# જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) 'દક્ષિણનું કાશી' તરીકે કયું સ્થળ જાણીતુ છે ? – પંઢરપુર
(૨) રેલ્વેના એન્જિનના ઉત્પાદન માટે કયુ સ્થળ જાણીતુ છે ? – ચિતરંજન
(૩) ચલણી નોટો કયા છપાય છે ? – નાસિકમાં
(૪) બરફનું શિવલીંગ કયા બને છે ? – અમરનાથ
(૫) પોંગલ કયા રાજયનો મુખ્ય ઉત્સવ છે ? – તમિલનાડુ
(૬) આયુર્વેદ યુનિવર્સિટી કયા આવેલ છે – જામનગરમાં
(૭) મધ્યપ્રદેશમાં નર્મદા નદી પર કયા સ્થળે બંધ બાંધવામાં આવે છે ? – ગુરૂવાયર કૃષ્ણ મંદિર
(૮) કોને સાતપુડાની રાણી તરીકે ઓળખાય છે ? – પંચમઢી
(૯) ભારતનું કયું રાજય અનાજના કોઠાર તરીકે જાણીતું છે ? – પંજાબ
(૧૦) દાદરા અને નગર હવેલી કયા બે રાજયો વચ્ચે આવેલ છે ? – ગુજરાત-મહારાષ્ટ્ર

# અમૃત બામ

કપૂર, ઈજમેટનાં ફૂલ, અને અજમાનાં ફૂલ દરેક દસ દસ ગ્રામ લેવાં. પછી બધું શીશીમાં મેળવવાથી પાણી થઈ જશે. ત્યારબાદ નીલિગિર તેલ પંચોતેર ગ્રામ અને મીણ સો ગ્રામ અને વેસેલીન ચારસો ગ્રામ લેવું. પછી સૌ પ્રથમ વેસેલીન તથા મીણ ધીમા તાપે ગરમ કરી નીચે ઉતારી લેવું. સહેજ ગરમ રહે ત્યારે તેમાં ઉપરની દવાનું પાણી તથા નીલિગિર મેળવી મોટી બાટલી ભરી લેવી.આ બામની માલિશ કરવાથી માથાનો દુઃખાવો, પડખાનું શૂળ, સંધિવા, કમરનો દુઃખાવો, શરદી, સળેખમ વગેરે મટે છે. ૯. ચૂનાનો લેપ કળીચૂનો અને ગોળ સરખા ભાગે લઈ, ઘૂંટી, લેપ જેવું કરી શરીરના ગમે તે દુઃખતા ભાગ ઉપર લગાડી રૂ દાબવું. આથી શૂળ, સણકા, માથાનો દુઃખાવો, વાનો દુઃખાવો વિગેરે દર્દોમાં તરત જ રાહત અનુભવાય છે. ૧૦ દીકરીના બદલે દીકરા જે માતાઓને કેવળ દીકરીઓ જ જન્મે છે તેઓને આ પ્રયોગથી પુત્રપ્રાપ્તિ થાય છે. સોએ સાઠ જણાને સફળતા મળી છે. મોરપીંછનો ચાંદલો લઈ, તેની ફરતા રૂંછડા કાપી ફકત ગોળ ચાંદલાને બારીક વાટી જૂના ગોળમાં મેળ વી ગોળી બનાવી લેવી. ગર્ભના પોણા બે માસથી બે માસના ગાળામાં રવિવાર કે મંગળવારે દૂધ સાથે ગોળી ગળી જવી. દૂધ વાછરડાવાળી કાળી ગાયનું હોય તો વધારે સારૂં. તે દિવસે માત્ર દૂધ ઉપર જ રહેવું. બીજું કાંઈ ખાવું-પીવું નહીં. માત્ર આ સાદા પ્રયોગથી જ સોએ સાઠ


સૌનું આરોગ્ય
:: લેખક ::
વૈદ્ય પ્રદિપ આસ્તિક
૮૦ દર્દો પરના સરળ તેમજ સચોટ ૨૬૦ પ્રયોગોનો સંગ્રહ



માતાઓએ દીકરીના બદલે દીકરાને જન્મ આપ્યો છે. ૧૧. કબજિયાત કબજિયાત માટે કોઈ રામબાણ ઈલાજ છે જ નહિ. કબજિયાતની દવા લેતાં પહેલાં કબજિયાત થવાનાં કારણો દૂર કરવાં જોઈએ. છતાં કબજિયાત રહે તો... હીમજી હરડે ગાંધીને ત્યાંથી લાવી, તેને એરંડિયામાં તળી નાખવી, પછી તેને ખાંડી કપડછાણ ચૂર્ણ કરી, આ ચૂર્ણ એક બોટલમાં ભરી લેવું. કબજિયાતના દર્દીએ જરૂર જણાય ત્યારે ત્રણથી પાંચ ગ્રામની માત્રામાં આ ચૂર્ણ રાત્રે સૂતી વખતે સહેજ કોકરવરણા પાણી સાથે લેવું. તદઉપરાંત કબજિયાતના દર્દીએ ખોરાકમાં છએ છ રસો પૂરતા પ્રમાણમાં લેવા. સવાર-સાંજ બે પાંચ કિ.મી. ચોખ્ખી હવામાં ફરવાની ટેવ રાખવી. દસ-પંદર દિવસના અંતરે એકાદ વખત દિવેલનો જુલાબ લેવો. વ્યસનોથી મુકત થવું, તેમજ ખાંડવાળા પદાર્થો અને મિષ્ટાન્નો ખોરાકમાં ઓછો ઉપયોગ કરવો. આટલી સાવચેતી રાખવાથી અનેક દર્દોનું મૂળ એવી હઠીલી કબજિયાત દૂર થશે. ૧૨. દાઝવું ૧. દાઝેલા ભાગ પર કકડાવેલું તેલ લગાડવાથી ખૂબ ફાયદો થાય છે. ૨. દાઝયા ઉપર ફોલ્લા પડયા પહેલાં કાચું બટાટુ લઈ પથ્થર પર લસોટીને તેનો લેપ લગાડી દેવો આનાથી દાઝયાની વેદના અને બળતરા શમી જાય છે, અને ફોલ્લા પડતા નથી. તેમજ દાઝયાનો ડાઘ પણ રહેતો નથી. દિવસમાં બે વખત આ લેપ લગાડવો. ૩. દાઝેલા ભાગ પર તુલસીનો રસ અને કોપરેલ ઉકાળીને ચોપડવાથી બળતરા શાંત થઈ ફોલ્લા પણ મટી જશે. ૧૩. ખીલ ૧. દૂધની મલાઈ સાથે મીંઢળ ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે. ૨. જાંબુડાના ઠળીયાને પાણીમાં ઘસીને ખીલ ઉપર લગાડવાથી ખીલની ફરિયાદ દૂર થશે. ૩. લોધર, ધાણા અને વજનું ચૂર્ણ સમભાગે લઈ, તેને પાણી સાથે ઘૂંટી, ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
૪. કાચા પપૈયાને કાપવાથી નીકળ તું દૂધ, ખીલ પર લગાડવાથી ખીલ ચોક્કસ મટે છે.

# હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન (હૃદય પ્રત્યારોપણ) એટલે શું ?

હૃદય ટ્રાન્સપ્લાન્ટેશનએ સર્જરીનું નામ છે જેમાં એક મૃતપ્રાય વ્યકિતનું હૃદય બીજા વ્યકિતના શરીરમાં મૂકવામાં (પ્રત્યારોપણ) આવે છે. આ ઓપરેશન એવા દર્દીઓ માટે વરદાનરૂપ છે જેમના હૃદયની પમ્પીંગ ક્ષમતા અત્યંત નબળી થઈ ગઈ હોય છે. આવા દર્દીઓને મેડીકલ ભાષામાં એન્ડ સ્ટેજ હાર્ટ ફલ્યોરના દર્દી કહેવાય છે. જયારે બધી સારવારની પધ્ધતિઓ નિષ્ફળ જાય છે ત્યારે આવા દર્દીઓ માટે આ એકમાત્ર જીવન લંબાવવાનો ઉપચાર છે.પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ૩ ડિસેમ્બર, ૧૯૬૭ના રોજ સાઉથ આફ્રિકાના એક કાર્ડિયાક સર્જન ક્રિશ્ચીઅન બર્નાડ દ્વારા કરવામાં આવેલું. હાલમાં આખા વિમાં સરેરાશ દર વર્ષે ૩૫૦૦ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થતા હશે. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે હૃદય આપનાર દાતા અથવા ડોનરનો પ્રશ્ન જટીલ છે. એક ઉચિત ડોનર તેને માનવામાં આવે છે જેને મગજમાં Irreversible ઈજાને કારણે મરણ પામવાની તૈયારીમાં હોય છે. પરંતુ બાકી બધા અંગો જેમ કે કીડની, લીવર અને હૃદય કાર્યરત હોય છે. આવા દર્દીને બ્રેઈનડેડ કહેવામાં આવે છે. દર્દી બેઈનડેડ છે કે નહી એ એક બહુ સંવેદનશીલ નિર્ણય હોવાને કારણે એક બ્રેઈનડેડ કમીટી, જેમાં એક ન્યુરોલોજીસ્ટ ન્યુરોસર્જન હોવો જરૂરી છે, તે જ કરી શકે છે. આ નિર્ણયના સામાજીક અને માર્મીક (પરીબળો)ના કારણે અને એક બ્રેઈનડેડ પેશન્ટના સગાઓની મનોસ્થિતીને કારણે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનર હાર્ટની સંમતિ મેળવી એ પ્રથમ સક્ષમ પગલું છે. જો આ બાબતો સામાન્ય




જનતામાં જાગૃતિ હોય તો ટ્રાન્સપ્લાન્ટ માટે ડોનર મળવા અશકય નથી. તે રૂપાંતર એક બેઈન ડોનરના શરીરના બીજા અંગો જેમ કે કીડની, લીવર વગેરે ડોનેટ કરી ઘણાં બધા દર્દીઓને જીવનદાન પ્રદાન કરી શકે છે. ઘાતક મસ્તીક્ષ ઈજાનું મુખ્ય કારણ વાહન અકસ્માત હોય છે. આવા દર્દીઓ સંપૂર્ણ રીતે બેહોશ હોય છે. અમુક ટેસ્ટ દ્વારા એવું સાબિત કરી શકાય છે તે વ્યકિત ભાનમાં આવશે કે નહીં. આ પછીનો બીજો તબકકો પણ ઘણો મુશ્કેલ છે. હૃદયનું સંરક્ષણ. જે ક્ષણે ડોનર હાર્ટનું રકતસંચાર અટકાવવામાં આવે છે તે ઘડીએ હૃદયની સ્ટોપવોચ ચાલુ થઈ જાય છે. તે ઘડીથી ચાર કલાક સુધી છે જો યોગ્ય રીતે ઠંડું રાખવામાં આવે તો હૃદય પ્રત્યારોપણ માટે ઉપયોગ કરી શકાય છે. તેથી ડોનર હૃદય ઝડપથી Recipient પાસે લઈ જવું ખૂબ જ અગત્યનું છે. Transplant કર્યા બાદના એક કે બે દિવસ ખૂબ જ Critical હોય છે. આ દરમિયાન ICUમાં તેમને સઘન ચિકિત્સા આપવામાં આવે છે. આ Periodમાં Actue rejectionનો પણ ખતરો હોય છે. Actue rejectionથી જાનનું જોખમ વધી જાય છે. સફળ Tranplant પછી Patient in Symptomsમાં ઘણો સુધારો જોવા મળે છે. આજીવન Immuno Supperior દવાઓ ખાવી પડતી હોય છે. એક મહિના જેવો Critical Time પસાર થઈ જાય તો દર્દી એક નોર્મલ જીવનની અપેક્ષા રાખી શકે છે.

# ઝળહળ ઝાકળ
લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## અદ્યતન ઈષ્ટદેવતા

કોઈ માણસ હાથથી કામ કરતો હોય, ત્યારે યંત્ર કામ કરતું હોય તેવું લાગે. હાથની સાથે હૈયું ભળે, ત્યારે કામને લાગણીભીનો સ્પર્શ મળ , તેમાં જીવંતતા ભળે... અને હાથ – હૈયાની સાથે દષ્ટિ ભળે, ત્યારે એ કાર્ય ઝગમગે, ચિરંજીવ બને, સુવર્ણ સુગંધ યોગ રચાય.ગામડામાં કુંભાર લાકડીથી ચાકડો ઘૂમાવે, પછી તેના પર માટીનો લોંદો મૂકે અને પાણીથી ભીના હાથનો મૃદુ સ્પર્શ એ પિંડને થાય અને આશ્ચર્યજનક રીતે જોતજોતામાં અદ્‌ભૂત કલાકૃતિનું નિર્માણ થાય !દરેક કર્મચારી જો કુંભારને ઈષ્ટદેવતા બનાવે, તો તેને કર્મયોગી બનતા જરાય વાર ન લાગે.

# વિશ્વનું અજબગજબ જાણો

– સૌથી વધુ (૧૬) આંતરરાષ્ટ્રીય સરહદો ચીનને છે. મોંગોલિયા, રશિયા, ઉત્તર કોરિયા, હોંગકોંગ, મકાઉ, વિયેતનામ, લાઓસ, મ્યાનમાર (બ્રહ્મદેશ), ભારત, નેપાળ, ભુતાન, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તાજિકિસ્તાન, કિર્ગિસ્તાન અને કઝાખસ્તાનને તેની કુલ ૨૪,૦૦૦ કિલોમીટર લાંબી સરહદ મળે છે ! – એક સમયે સોવિયેત રશિયા જગતનો મોટામાં મોટો દેશ ગણાતો હતો. પૃથ્વીની ૧૫% જમીન પર તેણે રોકી હતી. ૧૯૯૧માં સોવિયેત સંઘના ૧૫ ટુકડા થયા, જેમાંનો એક ટુકડો રશિયા છે. આજે રશિયા જગતનો મોટામાં મોટો દેશ ગણાય છે. પૃથ્વીની ૧૧.૫% જમીન પર તે પથરાયેલો છે. (ક્ષેત્રફળ ૧૭૦ લાખ ચોરસ કિલોમીટર છે). મતલબ એ થયો કે બાકીના ૧૪ સોવિયેત દેશોને ફકત ૩.૫% જમીન મળ ી.– સૌથી નાનો દેશ એટલે ખ્રિસ્તી ધર્મના વડા ધર્મગુરૂ પોપ જયાં બિરાજે એ વેટિકન સીટી. ઈટાલિના રોમ નગરમાં આવેલા વેટિકનનું ક્ષેત્રફળ પૂરૂ ૧૧૦ એકર પણ નથી, જયારે વસ્તી માંડ ૮૪૦ જેટલી છે. આમ છતાં તે સ્વતંત્ર દેશ ગણાય છે. – કોઈ પણ બે દેશોને જુદા પાડતી લાંબામાં લાંબી સરહદ અમેરિકા તેમજ કેનેડા વચ્ચે છે-૬,૪૧૬ કિલોમીટર લાંબી ! કેનેડાની ઉત્તર-પશ્ચિમે વળી પાછું અમેરિકાનું અલાસ્કા રાજય છે. કેનેડા સાથે તેને બીજી ૨,૫૪૭ કિલોમીટર લાંબી સરહદ છે. અમેરિકા-કેનેડા વચ્ચે સરહદની લંબાઈનો સરવાળો એ રીતે ૮,૯૬૩ કિલોમીટર થાય છે. – માણસની જેમ દેશો પણ વધુ-ઓછી ઊંચાઈના હોય છે. એક સરસ દાખલો આફ્રિકાના લેસોથો દેશનો છે, જેની નીચામાં નીચી ભૂસપાટી પણ સમુદ્રસપાટી કરતાં ૧,૩૮૦ મીટર (૪,૫૩૦ ફીટ) ઊંચી છે. આખો દેશ જાણે કે હિલ સ્ટેશન ! એ જ રીતે બટુકજી દેશોમાં પહેલો નંબર માલદીવનો આવે, કેમ કે ત્યાં ઊંચામાં ઊંચી જગ્યા પણ સમુદ્રસપાટીના હિસાબે ફકત ૨.૪૩ મીટર (૮ ફીટ) ઊંચી છે ! ગ્લોબલ વોર્મિંગને લીધે જગતનાં સમુદ્રોની જળસપાટી ઊંચે ચડી રહી છે, માટે વર્ષો પછી આખો માલદીવ ટાપુ હિંદી મહાસાગરમાં ડૂબી જવાનો છે.


# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




## પ્રયોગ - ૩૨
# પદાર્થની ઘનતા ચકાસવી

પ્રયોગ – ૩૨ નિયમિત અને અનિયમિત પરાવર્તન
હેતુ : નિયમિત અને અનિયમિત પરાવર્તનની સમજૂતી.સાધન : સમતોલ અરીસો, સ્ટેન્ડ, બે લેસર ટોર્ચ, ચળકતો કાગળ.રીત : સમતોલ અરીસો સ્ટેન્ડ પર ગોઠવો. તેના પર બે લેસર ટોર્ચ વડે પ્રકાશનાં બે સમાંતર કિરણો આપાત કરો.અવલોકન : અરીસા પર આપાત થતાં કિરણો પરાવર્તન પામી એકબીજાને સમાંતર જાય છે. તારણ : આપાત થતાં સમાંતર કિરણો પરાવર્તન પામી એકબીજાને સમાંતર રહે, તો તેને નિયમિત પરાવર્તન કહે છે.નોધ : સમતલ અને લીસી સપાટી દ્વારા નિયમિત પરાવર્તન થાય છે.રીત : અરીસાની સપાટી પર ચળકતો કાગળ મસળીને મૂકો. તેના પર બે લેસર ટોર્ચ વડે પ્રકાશનાં બે સમાંતર કિરણો આપાત કરો.અવલોકન : મસળ ાયેલ ચળકતા કાગળની સપાટી પર આપાત થતા પ્રકાશના કિરણો પરાવર્તન પામી એકબીજાને સમાંતર ન રહેતાં અસ્તવ્યસ્ત જાય છે.તારણ : આપાત થતાં સમાંતર કિરણો પરાવર્તન પામી એકબીજાને સમાંતર ન રહેતાં અસ્તવ્યસ્ત અને અનિયમિત થઈ જાય છે. તેને અનિયમિત પરાવર્તન કહે છે. નોંધ : ખરબચડી સપાટી કે વક્રસપાટી દ્વારા અનિયમિત પરાવર્તન થાય છે. ગેસના ફુગ્ગાઓમાં હાઈડ્રોજ ગેસ ભરેલો હોય છે


પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવંત પારેખ





# આ મારું ચિત્ર છે




દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ-૭, રૂપાયતન પ્રા.શાળા)



મકવાણા આર્ય રજનીકાંતભાઈ
(ધોરણ -૩, રૂપાયતન પ્રાથમિક શાળા )



યશવી કાનજીભાઈ વાઘેલા
(ધો.પ્રાથમિક શાળા ટીંબલા)



દાફડા જાનવી જયંતીભાઈ
(ધોરણ-૭, રૂપાયતન પ્રા.શાળા)

# અમરેલીનાં કુંભ યાત્રીઓ માટે નિવાસ ભોજનની વ્યવસ્થા કરતાં દિલીપ સંઘાણી










સમગ્ર દેશ ભારતીય સંસ્કૃતિના અલૌકિક પર્વ એવા મહાકુંભ સ્નાન કરી રહયો છે, દેશના ખુણેખુણેથી પ્રયાગરાજમાં પવિત્ર સ્નાન માટે ભાવિકો પહોંચી રહયા છે. ભકતોજનોથી છલકાતા પ્રયાગરાજમાં અમરેલીના કુંભ યાત્રીઓ પવિત્ર કુંભ સ્નાન લેવા પહોંચતા તેઓને મહાકુંભમાં કોઈ અગવડતાના પહોંચે તે માટે નિવાસ અને ભોજનની સુવિધા દિલીપ સંઘાણી દ્વારા પુરી પાડવામાં આવતા અને સતત સંપર્કમાં રહીને કોઈ મુશ્કેલી તો નથી રહીને તેનો ખ્યાલ કરતા કુંભ યાત્રીઓ દ્વારા આજરોજ દિલીપ સંઘાણી પ્રત્યે આભાર પ્રગટ કરી સન્માન કરવામાં આવ્યુ હતુ. ૪૧ યાત્રીઓ માટે ૨૦ રૂમ, નાસ્તો અને ભોજન સાથે ઈફકોના અધિકારીઓ સ્ટેન્ડબાય રહયા હતા. પ્રયાગરાજના યાત્રીઓમાં પુર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, ભાજપ અગ્રણી ડો.ભરતભાઈ કાનાબાર, બિપીનભાઈ ગાંધી, ડો.હર્ષદભાઈ રાઠોડ, કાળુભાઈ કાછડીયા, દયાળભાઈ સંઘાણી, હિરેનભાઈ વિરડીયા, ભનુભાઈ ચોવટીયા, ભરતભાઈ બાવશી, સંજયભાઈ વેકરીયા, સરલાબેન સોજીત્રા, કિરણબેન વિરડીયા, ધાર્મીબેન કાછડીયા, ટીશાબેન કાછડીયા, મંથન કાછડીયા, ચેતનભાઈ રાવળ, નયનભાઈ જોષી, ભરતભાઈ રાદડીયા, નિતાબેન બાવીશી સહિતના યાત્રીઓ દ્વારા દિલીપ સંઘાણી પ્રતિ આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો. આ તકે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જેન્તીભાઈ પાનસુરીયા, જિલ્લા પંચાયત બાંધકામ સમીતીના ચેરમેન, પ્રવિણભાઈ માંગરોળીયા, બેંકના ડીરેકટર પિયુષભાઈ શુકલ, સંગીતાબેન જોષી સહિતના ડીરેકટરઓ, જિલ્લા બેંકના જનરલ મેનેજર સીઈઓ બી.એસ. કોઠીયા સહિતના લોકો ઉપસ્થિત રહયા તેમ અખબારી યાદીમાં જણાવાયુ છે.

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલાનાં વંડા ગામનાં લંપટ શિક્ષકે**

રહીત્યાંધો. ૧૦માંઅભ્યાસકરતોહોય અને આરોપી વિશાલભાઈ સાવલીયા પણ આ જ વંડા ગામે આવેલ જી.એમ. બીલખીયા સ્કુલની હોસ્ટેલમાં રહેતા છોકરાના સુપરવાઈઝર તરીકે તથા ધોરણ–૧ થી ૯ સુધીના પી.ટી. શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય અને આરોપી શિક્ષકે પોતાની હવસનો શિકાર બનાવેલ તરૂણ સગીરવયનો હોવાનું જાણવા છતાં આરોપીએ ગત તા. ૧/૧૦/૨૪ થી તા. ૨૫/૧/૨૫ રાત્રીના ૧૧:૩૦ વાગ્યા દરમ્યાન અલગ અલગ કોઈપણ સમયે ભોગ બનનાર તરૂણને આરોપીએ કામ સબબ પોતાના રૂમમાં બોલાવી, રૂમનો દરવાજો આરોપીએ બંધ કરી ભોગ બનનાર તરૂણને ઝાપટથી માર મારી ભોગ બનનારના કપડા કાઢી નાખી બાદમાં પોતાના પણ કપડા કાઢી નાખી ભોગ બનનાર તરૂણ સાથે ગંદુ કૃત્ય અવાર–નવાર આઠેક વખત કરી અને ભોગ બનનાર તરૂણને આરોપીએ જો કોઈને આ બાબતે વાત કરીશ તો માર પડશે તેમ ધમકી આપતા ભોગ બનનાર તરૂણ હવસખોર શિક્ષકના ડરના કારણે ચુપચાપ ત્રાસ સહન કરતો રહયો હતો.

પરંતુ આ હવસખોર શિક્ષક સામે ત્રણ દિવસ પહેલાં જ એક ધોરણ ૮માં અભ્યાસ કરતાં તરૂણના પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા અને પોલીસે આરોપીની ધરપકડ કરી પુછપરછ કરતાં આ હવસખોર શિક્ષકે એક ધોરણ ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને પણ પોતાની હવસનો શિક્ષકે બનાવ્યાંની હકીકત સામે આવતાં પોલીસે આરોપી વિશાલભાઈ સાવલીયા સામે ત્રણ દિવસમાં વધુ એક ફરિયાદ નોંધી હતી.

## અવસાન નોંધ

ગોપાલગ્રામ : બાબુભાઈ દેવશીભાઈ ગોહિલ (ઉ.વ. ૮૨) તે ચતુરભાઈ, કમલેશભાઈનાં પિતાજીનું તા. ૧૩ ફેબ્રુઆરીનાં રોજ અવસાન થયેલ છે. તેમની ઉત્તરક્રિયા ૨૩ ફેબ્રુઆરીનાં રોજ રાખેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **આરોપીને ૨૦ વર્ષની સજા**

આ બનવાની હકીકત એવી છે કે, સાવરકુંડલા ગામે રહેતી એક ૧૭ વર્ષની તરૂણી એક વર્ષ પહેલાં ગત તા. ૨૦/૧૦/૨૩ના રોજ તે જ ગામે રહેતા આરોપી છનાભાઈ બીજલભાઈ પાટડીયાએ સાવરકુંડલા ગામની સીમમાં પોતે ભાગવી રાખેલ વાડીએ આ ભોગ બનનાર તરૂણી કપાસ વીણવાની દાડીએ ગયેલ હતી. ત્યારે આરોપીની પત્ની વાડીના ઓરડે ચા બનાવવા ગયેલ તે વખતે ભોગબનનાર તરૂણીની એકલતાનો લાભ લઈ આરોપીએ ભોગબનનાર સાથે તેની મરજી વિરૂધ્ધ બળજબરીથી બે વખત બળાત્કાર કર્યાની પોલીસ ફરિયાદ જે તે સમયે પોલીસમાં નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ સાવરકુંડલા ખાતે આવેલ એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ વિકાસભાઈ વડેરાની ધારદાર દલીલને કોર્ટે માન્ય રાખી આરોપી છનાભાઈ બીજલભાઈ પાટડીયાને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨ લાખના દંડની સજાનો હુકમ કરેલ છે. જયારે ભોગ બનનાર તરૂણીને રૂપિયા ૬ લાખનું વળતર ચુકવવા આદેશ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **એસ.ટી. બસની અનિયમિતતાથી**

મુજબ જે.એન. મહેતા સ્કૂલમાં ખાંભાના જુદા જુદા ગામમાંથી અભ્યાસ કરવા આવીએ છીએ પરંતુ અમારા ગામથી ખાંભા અભ્યાસ આવવા માટે તથા જવા માટે એસ.ટી. બસની પૂરતી વ્યવસ્થા નથી અને થોડી ઘણી વ્યવસ્થા છે તેમાં પણ એ રૂટ અવારનવાર કોઈને કોઈ બહાના બતાવી રૂટ શરૂ અને બંધ કરવામાં આવે છે. જેથી તેની સીધી અસર અમારા અભ્યાસ ઉપર પડે છે અને અમારે નાછુટકે પ્રાઈવેટ વાહનમાં અમારા જીવના જોખમે જવું પડે છે. એમાં કોઈ અનિચ્છનીય ઘટના બનશે તો તેનું જવાબદાર કોણ? એવા અનેક સવાલો ઊભા થયા છે. ત્યારે તેમાં ભાવરડી, રાણીપુરા, ડેડાણ, જીવાપર રૂટના વિદ્યાર્થીઓ બસ લગભગ ૧૫ દિવસથી બંધ કરવામાં આવેલ છે તેમજ બપોરે ૧:૩૦ કલાકે ખાંભાથી લાસા ડેપોની છે તે છેલ્લા એકાદ મહિનાથી બંધ છે ને હવે અમારે વાર્ષિક પરીક્ષાનો સમય પણ નજીક આવ્યો છે. તો આ બંને રૂટ નિયમિત થાય તે બાબતે આપ યોગ્ય કરશો તેવી અપેક્ષા. એસ.ટી. બસ ચાલુ કરવા મામલતદાર કચેરીએ રેલી સ્વરૂપે આવેદનપત્ર પાઠવુંછે. હવે જો આગામી દિવસોમાં આ એસ.ટી. બસ નિયમિત કરવામાં નહિ આવે તો રસ્તા રોકો આંદોલન કરવાની વિદ્યાર્થીઓએ ચીમકી ઉચ્ચારી.

## દીકરા સાથે ૪ મહિનાથી સાવરકુંડલા ખાતે રહેતી પરિણીતા ઉપર પતિએ જ કર્યો હુમલો

### 3 વ્યકિતઓ સાથે મળીને છરી વડે કર્યો હુમલો

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાના દેવરાજીયા ગામના વતની અને હાલ સાવરકુંડલા ગામે પટેલવાડી પાસે શિવાજીનગરમાં રહેતા મમતાબેન યોગેશભાઈ પંડયા તેમના પતિથી છેલ્લા ચારેક માસથી અલગ પોતાના દીકરા સાથે રહેતા હોય અને તેણીના અમરેલી ખાતે રહેતા પતિ યોગેશભાઈ રતિભાઈ પંડયા તેમને હેરાન કરતા હોય. જેથી તેણીને પોતાના પતિથી અલગ રહેવું હોય અને આરોપી પતિ યોગેશભાઈ રતિભાઈ પંડયા તેણીને પરાણે તેની સાથે રાખવા માંગતા હોય અને તેણી તેની સાથે જતા ન હોય. જેનું મનદુઃખ રાખી તેણીના પતિ સહિત ત્રણ ઈસમો ગત તા. ૧૩ના રોજ સાંજે ૭:૩૦ વાગ્યે મોટર સાયકલ લઈ સાવરકુંડલા ગામે આવી આ ત્રણેય આરોપીએ તેણીને ગાળો આપી આરોપી પતિએ છરી વડે પોતાની પત્નિ ઉપર હુમલો કરી શરીરે ગંભીર ઈજા કરી આ ત્રણેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરનાર, **અર્પણ દાનાભાઈ ચાવડા** મારૂ જુનું નામ અર્પણકુમાર દાનાભાઈ ચાવડા માંથી બદલીને અર્પણ દાનાભાઈ ચાવડા કરેલ છે. તો હવેથી હું આ નામથી ઓળખાઈશ.

**અર્પણ દાનાભાઈ ચાવડા**
**સરનામું : નાયબ જિલ્લા વિકાસ અધિકારી,**
**જિલ્લા પંચાયત અમરેલી–૩૬૫૬૦૧ (ગુજરાત)**

## ગાવકડા ખાતે યોજાનારા સમૂહલગ્નમાં નાયબ દંડક ઉપસ્થિત રહેશે



અમરેલી, તા. ૧૪

અમરેલી આગામી તારીખ : ૨૦/૨/૨૦૨૫ને ગુરૂવારના રોજ ગાવડકા ગામે વેલનાથ મંદિર ખાતે યોજાનાર સર્વજ્ઞાતિ ગરીબ અને શ્રમિક પરિવારના સંતાનોના નવયુગલોના સમૂહલગ્ન યોજાનાર હોય આ સમૂહલગ્નના આયોજકોને સરકારી તથા સામાજિક કાર્યક્રમોમાં વ્યસ્ત હોવા છતાં નાયબ દંડક કૌશિક વેકરિયાએ તેઓએ આયોજકોને ફાળવેલ સમય મુજબ સમૂહલગ્ન સમિતિના પ્રતિનિધિઓ તથા ગામ અગ્રણીઓની હાજરીમા ગામે પધારી રૂબરૂ આમંત્રણ સ્વીકારી સરકાર તમારે ધ્વારે અને સરળ નેતાનું ઉદાહરણ પુરું પાડેલ છે તેમ ધીરૂભાઈ મકવાણા તથા ભીખુભાઈ સાવડીયાની સંયુકત યાદી જણાવે છે.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **રોહીતભાઈ મનુભાઈ હરસોરા** રે. ચમારડી વાળાની સુચના અનુસાર લાગતા વળતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે,

અમારા અસીલશ્રી એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે– બાબરા ગામે બિનખેતી થયેલ રે.સ.ન. ૩૮૪ પૈકી વાળી જમીન ના પ્લોટ નં–૦૧ પર વાણીજય હેતુ માટે ની જમીન માં બેઝમેન્ટ/ગ્રાઉન્ડ ફ્લોર લેવલે બનાવેલ દુકાન નં–૦૬ (દુકાન નંગ એક) જેના ચો.મી. ૧૨.૮૧ છે, અને આ મિલ્કત નગરપાલીકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર/ટેનામેન્ટ નં– 10079177/3 ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલશ્રીએ રજી. વેચાણ દસ્તાવેજ નં–૧૧૪૦/૧૮, તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ **શ્રી રોહીતભાઈ મનુભાઈ હરસોરા** પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે. અને અમારા અસીલશ્રી આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લી.– બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી. /ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક – હિસ્સો હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત) માં લેખીતમાં આધાર પુરાવા સાથે લેખીતમાં જાણ કરવી, મુદત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહી અને તેમણે પોતાના તમામ હકકહિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદરહું મિલ્કત મોર્ગેજ/ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહી, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૧૪/૦૨/૨૦૨૫
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૨ | મગફળી | ૯૫૦ | ૯૭૬ |
| ૩ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ૪ | ચણા | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૫ | સફેદ તુવેર | ૧૧૫૧ | ૧૪૦૧ |
| ૬ | ધાણા | ૧૨૦ | ૧૨૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૦ |
| ૨ | ગીરનાર શિંગ | ૧૧૬૨ | ૧૨૧૮ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૦૩ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૫ | ૨૨૫૫ |
| ૬ | તલ કાળા | ૩૮૦૫ | ૪૪૨૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૮૧ | ૨૫૮૧ |
| ૮ | બાજરો | ૪૩૫ | ૭૫૬ |
| ૯ | જુવાર | ૮૫૫ | ૯૯૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૯૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૬૨૦ | ૬૭૧ |
| ૧૨ | અડદ | ૧૩૧૨ | ૧૩૯૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૩ | ૧૧૩૬ |
| ૧૪ | તુવેર | ૧૦૭૨ | ૧૪૯૩ |
| ૧૫ | વાલ | ૯૬૬ | ૧૦૮૬ |
| ૧૬ | કપાસ | ૯૩૫ | ૧૪૯૦ |
| ૧૭ | એરંડા | ૧૧૦૦ | ૧૧૯૮ |
| ૧૮ | જીરૂ | ૨૭૦૦ | ૩૬૫૦ |
| ૧૯ | રાયડો | ૧૦૧૨ | ૧૦૧૨ |
| ૨૦ | ધાણા | ૧૦૯૦ | ૧૪૨૨ |
| ૨૧ | ધાણી | ૧૩૫૦ | ૧૫૬૦ |
| ૨૨ | સોયાબીન | ૬૦૦ | ૭૮૭ |
| ૨૩ | મરચા લાંબા | ૩૯૦ | ૨૮૬૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૪૬૧ |
| ૨ | મગફળી | ૯૫૧ | ૯૫૧ |
| ૩ | જુવાર સફેદ | ૫૮૦ | ૫૮૦ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | તુવેર | ૧૩૦૬ | ૧૩૦૬ |
| ૬ | ધાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૧૦ | ૧૦૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૫ | ૧૧૦૮ |
| ૩ | તલ સફેદ | ૧૫૬૧ | ૧૯૪૦ |
| ૪ | જીરૂ | ૩૦૦૦ | ૩૭૫૧ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૬૦ | ૬૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૮૦ |
| ૮ | બાજરો | ૫૫૦ | ૬૭૦ |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૦૦ |
| ૧૦ | અડદ | – | ૧૫૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૨ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૪૨૧ |
| ૧૪ | તુવેર લાલ | ૧૨૦૦ | ૧૩૯૮ |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૨૦૮ |
| ૧૬ | ધાણા | ૯૦૦ | ૧૩૨૫ |
| ૧૭ | સોયાબીન | ૭૦૦ | ૭૭૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૧ | ૧૪૪૮ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૫ | ૧૫૧૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૩૨ | ૧૦૬૮ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૮૫ | ૧૦૪૫ |
| ૫ | ઘઉં | ૫૧૨ | ૬૬૮ |
| ૬ | ચણા | ૧૧૦૪ | ૧૧૪૬ |
| ૭ | તુવેર | ૧૧૯૦ | ૧૩૫૦ |
| ૮ | જીરૂ | ૩૨૮૦ | ૩૫૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૮૪ | ૬૧૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૭૨ | ૬૩૩ |
| ૪ | ચણા | ૮૦૦ | ૧૦૨૫ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૬૦ |
| ૬ | ધાણા | ૧૩૮૦ | ૧૩૯૫ |
| ૭ | શીંગદાણા | ૧૦૨૨ | ૧૦૮૦ |
| ૮ | મગફળી | ૫૬૦ | ૯૦૦ |
| ૯ | તુવેર | ૯૧૦ | ૧૩૦૦ |
| ૧૦ | અજમા | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૧૧ | રાય | ૯૬૦ | ૯૬૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| ૧૩ | તલ કાળા | ૩૮૨૫ | ૩૮૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૨૬ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૨૫ | ૨૧૦૧ |
| ૩ | તલ પીળા | ૨૪૪૧ | ૨૫૫૫ |
| ૪ | કપાસ | ૧૨૫૦ | ૧૪૬૫ |
| ૫ | બાજરો | ૫૧૪ | ૬૭૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૭૨ |
| ૭ | જુવાર | ૮૩૦ | ૯૩૦ |
| ૮ | મગ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૯ | અડદ | ૧૩૨૫ | ૧૩૨૫ |
| ૧૦ | તુવેર | ૧૨૦૦ | ૧૩૫૨ |
| ૧૧ | ચણા | ૧૦૧૫ | ૧૧૦૮ |
| ૧૨ | રાયડો | ૯૫૦ | ૯૫૦ |
| ૧૩ | અજમા | ૧૮૦૧ | ૧૮૦૧ |

# સોમનાથમાં મહાશિવરાત્રી પર્વે સમુદ્ર તટે હજારો ભકતો કરશે પાર્થેશ્વર શિવલિંગનું મહાપૂજન



મહાશિવરાત્રી એટલે ભોળાનાથના ભકો માટે વર્ષનો સેથી મોટો મહોત્સવ. મહાશિવરાત્રીના પર્વ પર શિવભકો મહાદેવની અનેકવિધ પ્રકારે આરાધના કરતા હોય છે. અને તેમાં પણ વિશેષ રૂપે જયોતિર્લિંગ ક્ષેત્રમાં શિવ પૂજનનું શાસ્ત્રમાં પણ અનેરૂ મહાત્મય વર્ણવવામાં આવ્યું છે. લાખો લોકો સોમનાથ આવનાર હોય ત્યારે શ્રીસોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા દરેક પરિવાર નજીવા શુલ્ક સાથે પૂજા નો લાભ લઈ શકે તેવી ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે. મહાશિવરાત્રી પર્વે તા. ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા હજારો શ્રદ્ધાળુઓને પંચમહાભૂત ની અનુભૂતિ કરાવતી શિવજીના સેથી પવિત્ર સ્વરૂપ એવી પાર્થીવેશ્વર શિવલિંગની પૂજા કરાવવામાં આવશે. જેમાં ભકતે માત્ર ૨૫૧ ની ન્યોછાવર રાશિમાં આસન, પૂજા સામગ્રી, માટીનું શિવલિંગ, સહિત તમામ વ્યસ્થા પુરી પાડવામાં આવશે. દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં સોમનાથ ટ્રસ્ટ પ્રકૃતિ અને આધ્યાત્મ બંને ને સાથે રાખીને સનાતન ધર્મની પ્રકૃતિપ્રેમની વિસ્તૃત વિચારધારા દર્શાવનાર અનેકવિધ પ્રકલ્પો ચલાવી રહ્યું છે. જેમાં સેથી અદભુત પ્રકલ્પો માનું એક છે પાર્થિવ શિવલિંગ પૂજન. આ પૂજા ગત ૨ વર્ષથી સોમનાથ ટ્રસ્ટ દ્વારા હજારો ભકોને સોમનાથ મંદિરના સાનિપ્રયમાં પ્રોમોનેડ વોક-વે પર માઢતિ બીચ મહાશિવરાત્રીના પર્વ પર આ વિશેષ પૂજા કરાવવામાં આવી હતી. જેમાં આકાશ, અગ્નિ, જલ, પૃથ્વી, અને હવા એમ પંચ મહાભૂતની પૂજા સાથે અભિમંત્રિત માટી દ્વારા નિર્મિત પાર્થિવ શિવલિંગ દ્વારા ભકતોને વિસ્તૃત પૂજા કરાવવામાં આવી હતી. જે ભક્તો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી હતી. આ વર્ષે શ્રદ્ધાળુઓની લાગણીઓને ધ્યાને લઈ વધુ ભવ્યતા સાથે એક સ્તર ઉપર જઈને આ વર્ષે વધુ મોટી માત્રામાં ભકતોને પૂજાનો લાભ મળી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. આ પૂજામાં દંપતીને બેસવા માટેની આસન વ્યવસ્થા, પાર્થિવ શિવલિંગ, ઈકો ફ્રેન્ડલી પંચપાત્ર, આચમની, તરભાણું, ફળ સાથે પૂજા સામગ્રી શ્રી સોમનાત ટ્રસ્ટ તરફથી પૂરી પાડવામાં આવશે. આપણા શાસ્ત્રો અનુસાર, આવી જ પાર્થિવેર પૂજા ભગવાન શ્રી રામ અને માતા સીતા દ્વારા ગંગા પાર કરતી વખતે કરવામાં આવી હતી. તેમજ પાંડવ પુત્ર અર્જુને ભગવાન શિવના પાર્થિવ લિંગની પૂજા કરી હોવાનો ઉલ્લેખ છે. આ રીતે શિવના પાર્થિવ લિંગની પૂજા કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે તેની શાસ્ત્રો સાબિતી આપે છે. શાસ્ત્રોકત નીતિ નિયમ અનુસાર આમંત્રણ આપેલી પવિત્ર ભૂમિમાંથી ખનન કરીને મંત્રોચ્ચાર સાથે નિર્માણ કરાયેલ શિવજીના પાર્થિવેશ્વર શિવલિંગ, પૂજા સામગ્રી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભકતોને આપવામાં આવશે. મહાશિવરાત્રીના પર્વે તા.૨૬/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૦૮:૦૦ થી ૦૯:૦૦ વાગ્યે સોમનાથ મંદિર પરિસર નજીક પ્રમોનેડ વોક-વે પર મારુતિ બીચ ખાતે આ વિશેષ પૂજાનું સુંદર આયોજન થનાર છે. ત્યારે આ પૂજાના વિસ્તૃત આયોજનમાં પણ સ્થાન અને પીઠિકા અનુસાર એક નિશ્ચિત સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લઈ શકે તેમ હોય વહેલા તે પહેલા ના ધોરણે સોમનાથ મંદિર ખાતે પૂજાવિધિ કાઉન્ટર પર અથવા ટ્રસ્ટની વેબસાઈટ http://somnath.org/online-donation/ પરથી નોંધાવી શકાશે.

### અરે વાહ : ગજેરા કેમ્પસના વિદ્યાર્થી રાજય કક્ષાની યોજાયેલ સ્પર્ધામાં

## ગજેરા કેમ્પસનાં ખેલાડીઓએ ૧-ગોલ્ડ, ૩-સિલ્વર અને ૨-બ્રોન્ઝ મેડલ મેળવ્યા

### સંસ્થાના પ્રમુખ, મંત્રી અને ડાયરેકટરે શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૧૪

અમરેલી, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ના સ્પોર્ટ સ્કૂલ ના વિદ્યાર્થીઓએ તારીખ ૮ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા આયોજિત રાજય કક્ષાની એથ્લેટિક સિઝન ૩.૦ માં પાર્ટિસીપેશન કરેલ હતું, જે નું આયોજન વડોદરા મુકામે થયેલ તેમાં એસ.એચ. શાળાના વિદ્યાર્થીઓએ એથ્લેટિકસની જુદી-જુદી ઈવેન્ટમાં પાર્ટિસિપેશન કરી સિદ્ધિઓ મેળવી હતી. જેમાં (૧) મેણીયા ધ્રુવી અશોકભાઈ- ગોલ્ડ મેડલ, (૨) બાંભણિયા રાજવીર- સિલ્વર મેડલ, (૩) ડોબરીયા પ્રાંજલ- સિલ્વર મેડલ, (૪) રામોલિયા રિયા -સિલ્વર મેડલ, (૫) ચાવડા આયુષ -બ્રોન્ઝ મેડલ (૬)સાકળીયા મિત-બ્રોન્ઝ મેડલ મેળવેલ, તેમજ (૭) સોલંકી સૃષ્ટિ - ૪વિં નંબર પ્રાપ્ત કરેલ અને (૮) તાવિયા દ્રષ્ટિ (૯)દુમાંદીયા મિત -૭ નંબર પ્રાપ્ત કરેલ. જેઓએ શાળા તેમજ જિલ્લાનું નામ રાજય લેવલે રોશન કરેલ. શ્રેષ્ઠ શિક્ષણ સાથે રમત-ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી અને કાર્યશીલ મેનેજમેન્ટ દ્વારા મળતું મર્ગદર્શનથી રાષ્ટ્રીયલેવલે સિદ્ધિઓ પ્રાપ્ત કરે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ સંસ્થા પરિવાર દ્વારા ખેલાડીઓને અને કોચ તેમજ ટ્રેનર બાંભણીયા પૂજાબેનને શુભેચ્છા પાઠવવા માં આવેલ. જેમને પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ ૬૧૦૦/-, દ્વિતીય નંબર ૫૧૦૦/- અને તૃતીય નંબર ૪૧૦૦/-નું રોકડ પુરસ્કાર મળેલ છે.

### પિનારાઓનાં મોંમા દ્રશ્ય નિહાળીને પાણી આવી ગયુ

## લીલીયા મોટા ખાતે પોલીસ વિભાગ દ્વારા જુદા-જુદા ગુન્હામાં ઝડપાયેલ વિદેશી બનાવટની ૧૦૮ બોટલ દારૂનો નાશ કરાયો

### સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ અને નાયબ પોલીસ અધિક્ષકની ઉપસ્થિતિમાં દારૂનો નિકાલ



લીલીયા, તા. ૧૪

લીલીયા પોલીસ સ્ટેશનમાં સને-૨૦૨૨ થી ૨૦૨૪ ના વર્ષમાં રજીસ્ટર થયેલ દારૂબંધીના વિદેશી દારૂના ગુન્હાઓમા કબ્જે કરેલ પરપ્રાંતનો વિદેશી દારૂ નામ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસના હુકમ મુજબ દારૂનો જથ્થો નાશ કરવા અંગેનો હુકમ કરેલ હોય જેના કામે લીલીયા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડા તથા નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ અમરેલી વિભાગ, તથા સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ (SDM) સાવરકુંડલા, તથા નશાબંધી શાખા અધિક્ષક એમ.બી. સોલંકી અમરેલી, મામલતદાર લીલીયા કે.બી. સાંગાણીનાઓ હાજર હોય તેમજ અત્રે લીલીયા પો.સ્ટે.ના ક્રાઈમ રાયટર હેડ લલીતભાઈ એમ. શ્રીમાળીનાઓ હાજર હોય જેમની ઉપસ્થિતિમાં કુલ નાની મોટી વિદેશી દારૂની બોટલ નંગ ૧૦૧ જેમની કિંમત રૂપિયા ૧૭૩૫૩/-ના વિદેશી દારૂની બોટલોનો નાશ કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### મોટી કુંકાવાવમાંથી પસાર થતો

## પીઠડીયાના પાટીયાથી વાવડી સુધીનો માર્ગ અતિ બિસ્માર બનતા પરેશાન

### વેપારી અગ્રણીએ નાયબ ઈજનેરને પત્ર પાઠવ્યો

કુંકાવાવ, તા. ૧૪

મોટી કુંકાવાવનાં વેપારી મહામંડળના પ્રમુખ મનસુખભાઈ ગોંડલીયાએ નાયબ ઈજનેરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, બગસરા રોડ પીઠડીયા પાટીયાથી વાવડી સુધીનો રોડ કુંકાવાવ મોટી ગામમાંથી પસાર થતો હોય કુંકાવાવ મોટી ગામની હદથી બીજી બાજુની હદ સુધી અતિ રોડ ખરાબ થવાથી ગામનાં વેપારીઓ ધુળ તમેજ કાંકરા ઉડવાથી કાંચના ફર્નિચર તેમ માલને નુકસાન સહન થતું નથી. દિવસ ૮ માં રોડનું કામ નહી થાય તો કુંકાવાવ ગામ સદંતર બંધનું એલાન આપીને છીએ. તેની જવાબદારી પ્રશાસનની રહેશે. તેમજ અંતમાં જણાવેલ છે.

## ચલાલા : વોર્ડ નં ૪ નાં ભાજપનાં ઉમેદવારો તરફી પ્રચંડ લોકજુવાળ



ચલાલા, તા. ૧૪

સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે સૌ કોઈ પક્ષો પોત પોતાના ઉમેદવારો ચૂંટણી જંગમાં ઉતર્યા છે ત્યારે ચલાલા નગરપાલિકામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી યોજાઈ રહી ત્યારે વોર્ડ નં ચારમાં ભારતીય જનતા પાર્ટીએ શિક્ષિત દિક્ષિત કાર્યકુશળ નિડર અને નિષ્ઠાવાન ઉમેદવારોને પસંદ કર્યા છે ત્યારે દરેક સમાજનાં શ્રેષ્ઠીઓએ વોર્ડ નં ચારનાં સર્વાંગી વિકાસની આશા અપેક્ષા સાથે સંપૂર્ણ સહકાર અને સમર્થનથી ચુંટણી મેદાનમાં ઉતરેલ ઉમેદવારોને જંગી બહુમતીથી ચુંટી કાઢવા દ્રઢ સંકલ્પ કરી ચુકયા છે ત્યારે ચુંટણી મેદાનમાં ઉતરેલ દરેક ઉમેદવારો જમીની હકીકતથી સતત જોડાયેલા રહી અને પોતાના વિસ્તારના કોઈ પણ સમાજનાં અમિર ગરીબ અબાલ વૃદ્ધ સૌ કોઈનાં કોઈ પણ સરકારી સામાજીક કે ધાર્મિક કાર્યક્રમો સહિત કોઈ પણનાં સુખદુ:ખમાં સહભાગી થનાર અને સદાય જનતાની સાથે ખભેખભા મિલાવી ચાલનારા ઉમેદવારોએ સમગ્ર વોર્ડ નં ચારમાં સરકારની વિવિધ યોજનાઓ જેવી કે અંત્યોદય યોજના અમૃતમ કાર્ડ વાત્સલ્ય યોજના વૃધ્ધ સહાય વિધવા સહાય નિરાધાર પેન્શન યોજના કિસાન નીધીના યોજનાઓ સહિત કોઈ પણ સરકારી કામકાજ સહિત પોતાનાં વિસ્તારનાં કોઈપણ નાનાં-મોટાં કોઈ પણ જનતાએ સોંપેલ કાર્ય કરીને જ રાહતનો દસ લેનાર ખરા લોકસેવકે ક્યારેય પોતાનો અંગત સ્વાર્થ સસ્તી પ્રસિદ્ધિથી પર રહી કોઈ પણ કામ પોતે રૂબરૂ અરજદારો સાથે જઈ સ્વખર્ચે કરી આપનાર અશોક તલાટીયા એ ક્યારેય પણ કે ટાઢ તડકો વરસાદ કે કોઈ પણ મુસિબતો જોયાં વિના રાત દિવસ જોયા વિના સતત જનતાનાં કાર્ય અડધી રાતે અને ઉઘાડાં પગે કરનારને દરેક સમાજનાં અમિર ગરીબ અબાલ વૃદ્ધ સૌ કોઈ જનતા સંપુર્ણ અને તન મન અને ધનથી સંપૂર્ણ સહકાર આપી પોતાનાં કઠીનથી કઠીન કાર્ય કરી પોતાની ફરજ બજાવનારને જનતા મતરૂપી સમર્થન આપી પોતાની ફરજ બજાવવા દ્રઢ સંકલ્પ કરી ચુકી છે ત્યારે વિશાળ ચાહકવર્ગ ધરાવતા અને શિક્ષિત દિક્ષિત નિડર અને નિષ્ઠાવાન સરળ સહજ અને અડધી રાતનાં હોંકારા સમાન ઉમેદવારોની આગવી કોઠાસૂઝ અને કાર્યકુશળતા અને ગમે તેવી આફતોને પોતાની કાર્યકુશળતાથી અવસરમાં બદલાવાનો જોમ જુસ્સો ધરાવતા ઉમેદવારોને જંગી બહુમતીથી ચુંટી કાઢશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી તેવી અખબારી યાદીમાં દિનેશભાઈ માલવીયા જણાવે છે.

### લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં

## સાવરકુંડલા ખાતે રવિવારે બાળકો માટે પિડીયાટ્રીક ફિઝિયોથેરાપી કેમ્પ યોજાશે

### વિનામૂલ્યે યોજાનારા કેમ્પનો લાભ લેવા અનુરોધ

સાવરકુંડલા, તા. ૧૪

સાવરકુંડલા રેલવે સ્ટેશન સામે ખાદી કાર્યાલય કેમ્પસમાં આવેલ વિદ્યાગુરૂ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ નિઃશુલ્ક આરોગ્ય મંદિર મલ્ટી સ્પેશ્યાલિસ્ટ હોસ્પિટલ ખાતે આગામી તારીખ ૧૬/૨/૨૫ ને રવિવારે બાળકો માટે પિડીયાટ્રીક ફિઝિયોથેરાપીનો નિઃશુલ્ક નિદાન તથા સારવાર કેમ્પ યોજાશે આ કેમ્પમાં ડોકટર કેશલ ભટ્ટ એમ.પી.ટી. પિડીયાટ્રીક યુ.એસ.એ. સેવા આપી બાળકોને તપાસી નિદાન અને સારવાર કરશે. બાળકો માટે આ નિઃશુલ્ક કેમ્પમા બાળકનો ધીમો વિકાસ જેમ કે બાળક બેસતા કે ચાલતા ન શીખવું, બાળક પગની એડી ઉંચી રાખીને ચાલવું, ચાલતા સમયે પગ સરખા ન મુકવા, બાળકને પેન પકડવામાં લખવામાં કે ભણવાનું



સમજવામાં તકલીફ પડવી, મણકાની તકલીફો સ્કોલિઓસિસ, કાયફોસિસ વગેરે બીમારીઓ, પડવા તથા અકસ્માતથી મગજની તથા કરોડરજુની ઈજાઓ, બાળક ચાલે ત્યારે ગોઠણ, ઘુંટણ પાછળ જાય, બાળક ચાલતું કે દોડતું વારંવાર પડી જાય, જીનેટીક રોગોને કારણે ધીમો વિકાસ થવો, મણકાની જન્મજાત ખોડખાપણ, લર્નીંગ ડીસએબીલીટી, ડાઉન્સ સીન્ડ્રોમ ધીમો વિકાસ, ઓટીઝમ, એ.ડી.એચ.ડી સેરેબલ પાલ્સી વગેરે બાળકોની બીમારીઓ, તકલીફોની સારવાર, નિદાન વિનામૂલ્યે કરવામાં આવશે આ કેમ્પમાં સમગ્ર ગુજરાતમાંથી બાળ દર્દીઓ લાભ લેશે.

### ખાનગી હોસ્પિટલનાં સહયોગથી

## અમરેલી ખાતે મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી વિદ્યાર્થીગૃહ દ્વારા નેત્રયજ્ઞ યોજાયો

### જરૂરિયાતમંદ ૭૫ દર્દીઓએ લાભ લીધો



અમરેલી, તા. ૧૪

અમરેલી મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થીગૃહ અને સુદર્શન નેત્રાલય દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈના માર્ગદર્શન નીચે ૧૩/૨/૨૫ના રોજ મોઢ વણિક જ્ઞાતિની વાડીએ યોજાયો. શરૂઆતમાં સ્વાગત અને દીપ પ્રાગટય થયેલ. આ તકે દિનેશભાઈ પરીખ, રાજુભાઈ પરીખ, હીરેનભાઈ પરિખ, કેતનભાઈ પરિખ, સંજયભાઈ પરિખ, દિપકભાઈ ગાંગડીયા તેમજ ડો. દર્શીતભાઈ ગોસ્વામી, કિર્તીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહેલ. ૧૪/૮/૨૫ સુધી દર મહીનાના બીજા ગુરૂવારે એક વર્ષ સુધી ચાલનાર આ છઠો કેમ્પ હતો. જેમાં ૭૫ દર્દીઓ લાભ લીધેલ. જેમાં મોતીયાના ૩૮ વેલના-૨ દર્દીઓના ઓપરેશન સુદર્શન નેત્રાલય ખાતે થશે. રાહતદરે ચાર દર્દીને ચશ્મા વિતરણ કરાગેલ. તમામ દર્દીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ એક સેવાકીય પ્રવૃતિ અને પ્રશંસનીય કાર્યક્રમ થયેલ તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

## કુંકાવાવનાં દલિત સમાજનાં અગ્રણીની ખબર અતંર પૂછતા આગેવાનો



અમરેલી, તા. ૧૪

કુકાવાવ તાલુકા દલિત સમાજ અગ્રણી વાલજીભાઈ પરમારના ખબર અંતર પૂછવા ગયેલા જિલ્લા દલિત સમાજના આગેવાનો સર્વ સોમાભાઈ બગડાએ સાલ ઓઢણી સન્માન કર્યુ જલ્દી સાજા થઈ જાવ એવો ભાવ વ્યકત કર્યો જેમાં દલિત સમાજના આગેવાનઓ કુકાવાવ તાલુકાના પ્રમુખ દલિત સમાજના સમાધાન પંચના પ્રમુખ ખીમભાઈ મારૂ તેમજ મેઘજીભાઈ ચુડાસમા તેમજ રવજીભાઈ ચુડાસમા તેમજ લાલજીભાઈ આઠુ રાજકોટ જિલ્લા ભાજપ મોરચાના પ્રમુખ તેમજ પી એલ મારૂ ક્ષમતા સૈનિક દળ અધ્યક્ષ તેમજ કુકાવાવ ન્યાય સમિતિ ચેરમેન આશિષભાઈ રાઠોડ તેમજ સંદીપભાઈ સોલંકી મહામંત્રી ભાજપ તેમજ અરજણબાપા સોલંકી, ભીખાભાઈ માજી સરપંચ તેમજ ભલાભાઈ તોરી, રામપર માજી સરપંચ તેમજ કાંતિભાઈ વાળા તેમજ વિપુલભાઈ ઉદ્યોગપતિ તેમજ સમાજના આગેવાનો સનાળી મુકામે વાલજી બાપાના નિવાસ્થાને ખબર અંતર પૂછવા માટે આવેલા સૌએ સાથે ભોજન લીધું લાલજીભાઈ આઠુ અને સોમાભાઈ બગડાએ સાલ ઓઢાડી દલિત સમાજ આગેવાન વાલજીભાઈ પરમારનું સન્માન કર્યુ વાલજીભાઈ પરમારે અને તેમના સમાધાન પંચે સમાજના રીતરિવાજોમાં કરેલા સુધારાની પ્રશંસા કરી હતી.

હવે... બદલાશે સારવારની પરીભાષા
કાર્યરત વિભાગો
યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | આયુર્વેદ વિભાગ | પીડીયાટ્રીક્સ (બાળરોગ)
ક્રિટીકલ કેર અને મેડિસિન | ઈ.એન.ટી (કાન-નાક -ગળા) | આંખ વિભાગ
લેબોરેટરી | જનરલ સર્જરી | ગાયનેક અને આઈ.વી.એફ
ડાયાલિસીસ વિભાગ | સ્કિન વિભાગ (ચામડીના રોગ) | દાંત વિભાગ
ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ | ફિઝીયોથેરાપી વિભાગ
આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન
24/7 Emergency Services
(ગોળ હોસ્પિટલ)
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## ખાંભા પંથકનાં સૈંકડો વિદ્યાર્થીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# ભણે કેમ ગુજરાત ? : એસ.ટી. બસની અનિયમિતતાથી વિદ્યાર્થીઓ પરેશાન

**વિદ્યાર્થીઓને શાળામાં અભ્યાસ કરવા માટે બસનાં અભાવે નાછુટકે ખાનગી વાહનોમાં અપડાઉન કરવું પડે છે**

**રાજુલા–ખાંભા–રાજુલા અને ધારી–ખાંભા–લાસા રૂટની એસ.ટી. બસની અનિયમિતતાથી પરેશાની**

**અમરેલી જિલ્લામાં દિનપ્રતિદિન એસ.ટી. સેવાની હાલત કથળી રહી હોય વિભાગીય નિયામક આળસ ખંખેરે તે જરૂરી**

**જનપ્રતિનિધિઓ ચૂંટણી પ્રચારકાર્યમાં વ્યસ્ત હોવાથી અધિકારીઓને જનતાની ચિંતા નથી**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૪

ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થ આવવા જવાની એસ.ટી. બસો અનિયમિત હોવાથી વિદ્યાર્થીઓ પરેશાન બન્યા છે. ત્યારે ખાંભા જે. એન. મહેતા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા એસ.ટી. બસ અનિયમિત હોવાથી અને બંધ હોવાથી વિદ્યાર્થીઓએ ખાંભા મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. રાજુલા–ખાંભા–રાજુલા તેમજ ધારી–ખાંભા–લાસા એસ.ટી. બસ અનિયમિત હોવાથી વિદ્યાર્થીઓને ખાંભા અભ્યાસ અર્થે આવવા જવામાં મુશ્કેલી પડી રહી છે. રાજુલા ડેપોની રાજુલા–ખાંભા અને ધારી ડેપોની ધારી–ખાંભા–લાસા રૂટની બસ નિયમિત કરવા વિદ્યાર્થીઓ માંગ કરી રહ્યા છે. ખાંભા અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીને એસ.ટી. બસો અનિયમિત હોવાથી અભ્યાસ બગડી રહ્યો છે અને વિદ્યાર્થીઓને તગડી રકમ આપી પ્રાઈવેટ વાહનમાં જવા મજબૂર બન્યાં છે તેવુ વિદ્યાથીઓએ જણાવાયું હતું.

આવેદનપત્રમાં જણાવ્યા

અનુસંધાન પાના ૬ ઉપર

**નાયબ દંડક કૌશિક વેકરિયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાનો માસ્ટર સ્ટ્રોક**

# ચલાલા પાલિકામાં શાસન મેળવવા ભાજપે ક્ષત્રિયરૂપી બ્રહ્માસ્ત્ર ઉતારીને કોંગ્રેસની મુશ્કેલી વધારી દીધી

**કોંગ્રેસના આગેવાનો ક્ષત્રિય સમાજને ઉમેદવાર બનાવવામાં નિષ્ફળ રહ્યા છે**

અમરેલી, તા. ૧૪

ચલાલા પાલિકામાં કમળ ખીલવવા માટે નાયબ દંડક કૌશિક વેકરિયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયાએ જબ્બરી વ્યુહબાજી ગોઠવી હોય તેવુ લાગી રહયુ છે બંને આગેવાનોએ ક્ષત્રિય સમાજનાં ૭ ઉમેદવારોને ચુંટણી જંગમાં ઉતારીને કોંગ્રેસની મુશ્કેલી વધારી દીધી છે.

ચલાલા શહેરમાં ક્ષત્રિય સમાજનુ રાજકીય સામાજિક ક્ષેત્રે હંમેશા પ્રભુત્વ રહયું છે અને બંને નેતાઓને ક્ષત્રીય સમાજની શકિતની કદર કરી છે જયારે કોંગ્રેસ પક્ષે એકપણ ક્ષત્રીય ઉમેદવારને ટિકીટ ન આપીને ચુંટણી પહેલા જ પરાજય મેળવી લીધો હોય તેવુ લાગી રહયું છે.

ભાજપનાં તમામ ક્ષત્રીય ઉમેદવારો સહિત અન્ય ઉમેદવારોનો પણ વિજય નિશ્ચિત માનવમાં આવી રહયો છે.





ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna Dining Hall
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

Sheetal
On a Bill of ₹1,000/-



A surprise gift free on a Bill of Rs. 1000/-
Offer Valid : 29-01-2025 to 28-02-2025
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના
લવાજમની મુદ્દત તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...
લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૯૭૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯




એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
amreli express
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૦૨૦
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)